Reg. No. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું.

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૩ જું. સને ૧૯૧૧. નવેમ્બર. અંક ૮ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,
સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.
નાગોરીસરાહ–અમદાવાદ.

વાર્ષિક લવાજમ–પોસ્ટેજ સાથે રૂ. ૧–૪–૦. સ્થાનિક ૧–૦–૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ અમારી સાથ નહિ આવે | ૨૬૫ | ૫ ભૂલનો ભોગ. ... ... | ૨૪૧ |
| ૨ સુમતિ અને કુમતિનું સ્વરૂપ | ૨૬૬ | ૬ શું? કીડીયો આટલું જ્ઞાન ધરાવેછે | ૨૪૮ |
| ૩ વિસ્મરણ અને તેની ઉપયોગીતા | ૨૩૪ | ૭ ગૃહસ્થાશ્રમ શાથી ઉત્તમ શોભી શકે | ૨૫૧ |
| ૪ કષાય ચતુષ્ટય ... ... | ૨૩૮ | ૮ દયાનુ દાન કે દેવકુમાર ... | ૨૫૪ |


# શોકજનક મરણ.

---

સખી દીલના શેઠ લલુભાઇ રાયચંદના નાના પુત્ર ભાઇ રતીલાલ ૧૯ વર્ષની નાની વયે, પાછળ બાળ વિધવા મૂકી આફાની દુનિયાનો ત્યાગ કરી ગયા છે, એ બનાવની નોંધ લેતાં અમને અત્યંત ખેદ થાય છે. ભાઇ રતિલાલ સ્વભાવના મીલનસાર હતા, અને તેમની પ્રકૃતિ ગરીબ જનો પર દયાળુ હતી. આવા પ્રિય પુત્રના વિયોગથી શેઠ લલુભાઇને જે અસહ્ય ઘા લાગ્યો છે તેમાં અમે દિલસોજીથી ભાગ લેઇએ છીએ, અને 'જન્મનાર વસ્તુનો નાશ છે.' એ સિદ્ધાંતપર શ્રદ્ધા રાખી શેઠ સાહેબ દુઃખને વિસરશે, એમ આપણે ઇચ્છીશું. મર્હુમના આત્માને શાંતિ મળો, એવી અમારી અંતઃકરણની પ્રાર્થના છે.

---

# बुद्धिप्रभा.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૩ જું. તા. ૧૫ મી નવેમ્બર, સન ૧૯૧૧ અંક ૮ મો.

ॐ नमः

## " अमारी साथ नहि आवो "

( ગઝલ. )

અમારી ધૂન છે જૂદી, અમારો માર્ગ છે વાંકો;
કઠીન છે માર્ગ ચડવાનો, અમારી સાથ નહિ આવો. ॥૧॥
ઘણી ઝાડી ઘણા કાંટા, ઘણાં કોતર વસે સિંહો;
વરૂનાં બહુ વસે ટોળાં, અમારી સાથ નહિ આવો. ॥૨॥
ઘણી પગશેરીઓ ઝાંખર, ઘણાં રીંછો ઘણા સૂકર;
ઉગ્યાં છે કંટક વૃક્ષો, અમારી સાથ નહિ આવો. ॥૩॥
ઘણી લુ વાય છે વહેતાં, ઘણા તાપો ઘણી તાઢો;
પિપાસા ભૂખના ભડકા, અમારી સાથ નહિ આવો ॥૪॥
અઘોરી લોકનાં ટોળાં, પડે પાછળ ઘણો ભય જ્યાં;
ભયંકર મેઘ ગાજે છે, અમારી સાથ નહિ આવો. ॥૫॥

અમારા આશયો સર્વે, હજી સમજાય નહિ પૂરા;
અગમનો ભેદ લીધાવણ, અમારી સાથ નહિ આવો. ॥૬॥

અમારી આંખથી જોતાં, અધિકારી નથી પુરા.
બુદ્ધચબ્ધિ બોધિની પ્રાપ્તિ, થતાં સાથે રહી ચલશો. ॥૭॥

ॐ शान्तिः३

# सुमति अने कुमतिनु स्वरुप.

( લેખક. મુનિશ્રી બુદ્ધિસાગરજી. મુંબાઇ. )

( અનુસંધાન અંક સાતમાના પાને ૨૦૮ થી )

સંત પુરૂષોની ભક્તિ માટે લક્ષ્મીનો સદુપયોગ કરવાથી જગતનું સદ્વિચાર અને સદુપદેશવડે ભલુંકરી શકાય છે. ગુરૂકુળો વગેરેમાં લક્ષ્મીનો સદુપયોગ કરવાથી ભવિષ્યમાં ઉન્નતિ કરનાર મનુષ્યો બનાવી શકાય છે અને તેથી ધર્મનો ફેલાવો કરી શકાય છે. સદ્ગુણો પામેલા મનુષ્યોથી જગતનું ભલું થાય છે માટે સદ્ગુણધારકોને લક્ષ્મીવડે મદદ કરવાની જરૂર છે. શ્રાવકો અને શ્રાવિકાઓના ભલા માટે લક્ષ્મીમન્તોએ ભક્તિના પરિણામ વડે તે ક્ષેત્રમાં લક્ષ્મીનો વ્યય કરવો જોઇએ. યોગના અભ્યાસી એવા મુનિરાજોની ભક્તિ કરવી જોઇએ. જૈનતત્ત્વયોગની પાઠશાલાઓમાં લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઇએ. ગૃહસ્થ મનુષ્યોએ લક્ષ્મીનો સદુપયોગ કરી મનુષ્ય ભવની સફલતા કરવી જોઇએ, અથવા પરિગ્રહનો ત્યાગ કરી ત્યાગાવસ્થા ગ્રહણ કરવી જોઇએ કે જેથી આત્મકલ્યાણ થાય; એમ સુમતિ શિખવે છે અને આત્માના ગુણોનો પ્રકાશ કરવા સુમતિ વિવેકને પ્રગટાવે છે.

સુમતિથી બ્રહ્મચર્ય ગુણ ધારણ કરવાનો ઉત્સાહ પ્રગટે છે. ભૂતકાળમાં અનેક મનુષ્યોએ બ્રહ્મચર્ય ધારણ કરી સદ્ગતિને પ્રાપ્ત કરી અને ભવિષ્યમાં પણ અનેક મનુષ્યો સદ્ગતિને પ્રાપ્ત કરશે. બ્રહ્મચર્યની શક્તિ સમાન અન્ય કોઇ શક્તિ નથી. બ્રહ્મચર્ય ગુણને દેવતાઓ અને ઇન્દ્રો પણ નમસ્કાર કરે છે. બ્રહ્મ સ્વરૂપમાં સદાકાલ રમણતા કરવાને માટે બાહ્ય બ્રહ્મચર્યની પણ આવશ્યકતા છે. પૂર્વના વખતમાં મનુષ્યો બ્રહ્મચર્ય લાંબા વખત પર્યંત

પાળ્યાબાદ ગૃહસ્થાશ્રમમાં જોડાતા હતા, તેથી તેઓ મહત્ કાર્યો કરવાને શક્તિમાન્ થયા હતા. હાલમાં બાળલગ્ન વગેરેથી આર્યદેશના મનુષ્યોની પડતી દશા થઇ છે અને તેથી તેઓ મગજથી ઉત્તમ દીર્ઘવિચાર કરવાને શક્તિમાન્ બનતા નથી. પુરૂષે પચ્ચીશ વર્ષ પર્યંત અને કન્યાએ વીશ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળવું જોઇએ. બ્રહ્મચર્ય નીરક્ષા અને તત્વવિદ્યાની ઉપાસના માટે નિર્જન સ્થાનમાં ગુરૂકૂળો સ્થાપવાની જરૂર છે. બ્રહ્મચર્યના સંરક્ષણથી વિદ્યાનું મનન સારી રીતે થાય છે. શ્રી હેમચન્દ્રાચાર્ય. શ્રી હીરવિજયસૂરિ. શ્રી મુનિસુન્દરસૂરિ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય વગેરે સમર્થ પુરૂષોએ બ્રહ્મચર્યના પ્રતાપથી જૈન ધર્મની ઉન્નતિ કરી હતી. બ્રહ્મચર્યના પ્રતાપથી મનુષ્યો સ્વર્ગીય દેવોની પાસે પોતાનું કાર્ય કરાવે છે. બ્રહ્મચર્યની અવસ્થા સારીરીતે જાળવવાના અનેક ઉપાયો લેવા જોઇએ. મોજ શોખની વાડીમાં બાલ્યાવસ્થાથી નાનાં નાનાં બાળકો પડી જાય છે તેથી તેઓ કામના પદાર્થો તરફ આકર્ષાય છે અને તેથી વિપરીત પરિણામ પાત્ર બને છે. બાલકની ઉત્તમ ચડતી દશા કરવાની ઇચ્છા હોય તો ગુરૂકૂળો જેવા આશ્રમોની જરૂર સ્વીકારવી જોઇએ. પૂર્વના વખતના જૈનોની ઉન્નતિમાં બ્રહ્મચર્ય એ પણ એક સબલ કારણ હતું. સત્રતોમાં બ્રહ્મચર્યને સમુદ્રની ઉપમા આપવામાં આવી છે તેનું રહસ્ય અત્યન્ત સૂક્ષ્મ છે. સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં કરવાં હોય તો બ્રહ્મચર્યની ખાસ જરૂર છે. આધુનિક સમયમાં ગૃહસ્થાશ્રમની પૂર્વે વીશવર્ષ પર્યંત તો અવશ્ય બ્રહ્મચર્યને સારીરીતે પાળવું જોઇએ. આ સંબંધી જૈનો ખાસ લક્ષ્ય આપશે તો ગૃહસ્થ ધર્મની ઉન્નતિ થશે અને સાધુ ધર્મની પણ ઉન્નતિ થશે. સુમતિથી બ્રહ્મચર્યના ઉપર્યુક્ત મહાત્મ્યને સાચું જાણી શકાય છે અને તેને સારી રીતે પાળી શકાય છે. આત્માના જ્ઞાનાદિ સદ્ગુણોનો પ્રકાશ કરવો એમ સુમતિ પ્રેરણા કરનાર છે, તેમજ ભિન્ન ભિન્ન વિચાર મત સહિષ્ણુતાની પ્રેરણા સુમતિ કરે છે. જગતમાં મનુષ્યોનો કોઇપણ વિષય સંબંધી એક સરખો મત હોતો નથી. સર્વના વિચારો જુદા જુદા હોવા છતાં, અપેક્ષાવાદથી ભિન્ન ભિન્ન વિચારોમાં રહેલું સત્ય તારવી લેવું અને જે જે અસત્ય વિચારો હોય તે સંબંધી મૌન રહી સહનશીલતા ધારણ કરવી, આ કંઈ સામાન્ય કાર્ય ગણાય નહિ. વિચારોની ભિન્નતાથી વ્યક્તિ ઉપર દ્વેષ કરવામાં આવે છે અને તેથી વ્યક્તિ કલહ યુદ્ધનું રમખાણ બને છે. જે જે મનુષ્યો પોતાનાથી ભિન્ન વિચારો કરે તેને વિરોધી દુશ્મનો માની લેઇને તેનું અશુભ કરવા વા તેની જાતિ નિન્દા કરવા કટીબદ્ધ થવાથી મનુષ્યની

કોટીમાં પ્રવેશવાનો હક રહેતો નથી. ધર્મભેદ અને વિચારભેદનો ઝઘડો પરિપૂર્ણ સમાવીને તથા ચુકાવીને કોઇ આ દુનિયામાંથી ગયો નથી. શ્રી તીર્થંકરોના સામા પણ વિરૂદ્ધ વિચારો ધરાવનારા તથા ભિન્ન ધર્મ ધારનારા મનુષ્યો હતા. શ્રીતીર્થંકરોએ તેમના કુવિચારોને તથા તેમના ધર્મની અસત્યતાને દર્શાવી છે અને સર્વજ્ઞ દૃષ્ટિવડે સત્ય પ્રકાશ્યું છે, પણ તેઓશ્રીએ ધર્મભેદ થવાથી, અથવા વિચારભેદ થવાથી જાતિનિન્દા, ક્લેશ, અશુભકરવાના પરિણામ, વગેરેને ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે. પોતાથી ભિન્ન વિચારો વાળા તથા ભિન્ન ધર્મોવાળા મનુષ્યોપર કરૂણાભાવ ચિન્તવવો અને તેઓના પર મૈત્રીભાવ ધારણ કરવો પણ વ્યક્તિ દ્વેષયુદ્ધ, નિન્દા, વગેરેમાં પડવું ન જોઇએ. કેટલાક મનુષ્યોને તો એવી વૃત્તિ હોય છે કે પોતાનાથી ભિન્ન વિચારકોના મુખ સામું પણ કદી જોવું નહિ. તેઓના કોઇ ભિન્ન વિચારથી તેઓનું સર્વ ખોટું છે એમ માની લેઇ પ્રતિપક્ષી વિચાર કરનારાઓને પશુ પંખીથી પણ હલકા ગણે છે અને તેઓને દોષ દૃષ્ટિથી નિહાળે છે. પ્રસંગ આવે તેઓની નિન્દા કરવાને ચૂકતા નથી અને ભિન્ન ધર્મભેદ આદિથી તેઓને દેખતાંજ ક્રોધના આવેશમાં આવી જાય છે, આવી તેઓની અસહિષ્ણુતાથી તેઓ પોતાની ઉચ્ચ દશા કરવા શક્તિમાન્ થતા નથી અને અન્યોનું પણ શ્રેયઃ કરવા શક્તિમાન્ થતા નથી. જે મનુષ્ય વિચારભેદ અને ધર્મભેદની સહિષ્ણુતાને ધારણ કરવા સમર્થ થાય છે તે અન્યો કરતાં આગળ વધે છે અને સ્વપરનું કલ્યાણ કરવા સમર્થ થાય છે. ધર્મભેદની સહિષ્ણુતાને ધારણ કરનારા મનુષ્યો પોતાના ધર્મનો ફેલાવો કરી શકે છે અને અન્યોને ઉપદ્રવ કરતા નથી. મતભેદની સહિષ્ણુતા ધારણ કરવા પ્રયત્ન કરવો જોઇએ એમ સુમતિ શીખવે છે. જૈન ધર્મમાં કેટલાક ફાંટા પડી ગયા છે, પણ ધર્મભેદની સહિષ્ણુતા રાખવાથી પરસ્પર ક્લેશ ન થાય તેમ વર્તી શકાય છે.

સુમતિથી આત્માનો સહજ આનન્દ પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ થાય છે. સત્ય આનન્દની પ્રાપ્તિ વિના મનુષ્યના જીવનમાં અને પશુ આદિના જીવનમાં ભેદ જણાતો નથી. સત્ય સુખનું સ્વરૂપ સમજવું અને તેની ગમે તે ઉપાયોથી પ્રાપ્તિ કરવી તેજ મનુષ્ય જીંદગીનું ફળ છે. મનમાં રાગ અને દ્વેષ જે વખતે હોતો નથી તે વખતે કંઇક સહજ આનન્દનું ભાન થાય છે. મનોવૃત્તિમાં ઉત્પન્ન થતા એવા બાહ્યભાવના ચિન્તાદિ વિચારોને શમાવવાથી અને આત્મ સ્વરૂપમાં તન્મય થવાથી આત્માનો સહજ આનન્દ અનુભવાય છે. આત્મા

આનન્દનો મહાસાગર છે. આત્મામાંજ આનન્દ છે. આત્માને મૂકી આનન્દની પ્રાપ્તિ માટે અન્યત્ર પરિભ્રમણ કરવાની જરૂર નથી. પૂર્વે જેજે મોટા મહાત્માઓ થયા તેઓએ આત્મામાંજ આનન્દ શોધ્યો હતો અને આત્મામાં રહેલું પરમાત્મતત્ત્વ પ્રગટ કર્યું હતું. બાહ્ય ક્ષણિક મનોહર પદાર્થોના ઉપભોગ આદિથી જે ક્ષણિક આનન્દને વેદવામાં આવે છે, તે સદાકાળ રહેતો નથી અને વસ્તુતઃ જોતાં તે ક્ષણિક આનન્દનો લેશ પણ જડ વસ્તુઓમાંથી પ્રગટ્યો હોય એમ જણાતું નથી. ખાતાં પીતાં અને પદાર્થોને જોતાં જે કિંચિત્ આનન્દ થાય છે, તે પણ બાહ્ય વસ્તુઓમાં નીકળીને મનમાં પ્રવેશેલો આનન્દ નથી. બાહ્ય વસ્તુઓમાં આનન્દ નથી પણ બાહ્ય વસ્તુઓની મદદથી શાતા વેદનીયજન્ય આનન્દનો અનુભવ લેવાય છે. મનમાં થતા રાગ અને દ્વેષના વિકલ્પોને પરિહરી જો આત્મધ્યાન ધરવામાં આવે તો આત્માના સહજ આનન્દની પ્રતીતિ થાય છે અને તેથી આત્માના નિત્ય સુખનો નિર્ધાર થાય છે અને આત્માના નિત્ય સુખનો નિર્ધાર થવાથી બાહ્ય સુખ હેતુભૂત વસ્તુઓનો ત્યાગ કરી શકાય છે. જે મનુષ્યો આત્મ સુખનો નિશ્ચય કરી શકતા નથી તે બાહ્ય વસ્તુઓને સુખકર માને છે અને તેનો ત્યાગ કરી શકતા નથી. આત્મ સુખની પ્રતીતિ થયા વિના કદાપિ સ્ત્રીઆદિનો ત્યાગ કરવામાં આવે છે પણ મન પાછું બાહ્ય વસ્તુઓમાં દોડે છે અને બાહ્યના ત્યાગનો ત્યાગ કરાવે છે અને તેથી ત્યાગીનો વેષ પહેર્યો છતાં રાગીની પેઠ મનોવૃત્તિથી વિલાસોના આધીન થવું પડે છે અને તેથી ત્યાગાવસ્થામાં અધિકાર પ્રમાણે આત્મિક સુખ પ્રાપ્ત કરી શકાતું નથી, માટે આત્માના સત્ય સુખની પ્રાપ્તિ માટે જ્ઞાન ધ્યાનમાં રમણતા કરવી જોઇએ. આત્મ સુખનો અનુભવ થવાથી સ્વયમેવ બાહ્ય પદાર્થોની લાલચ અને તેની ચિન્તાઓ ટળે છે અને તેનો ત્યાગ થવાથી ખરૂં ત્યાગીપણું પ્રગટે, છે માટે આત્મ સુખનો અનુભવ કરવો જોઇએ. ત્યાગાવસ્થાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આત્મજ્ઞાન વડે આત્મસુખની પ્રાપ્તિ કરવી. સાંસારિક સંબંધથી દૂર રહેતાં રાગ અને દ્વેષના વેગો શમે છે અને તેથી સત્યસુખનો અનુભવ કરી શકાય છે. યોગીઓ વગડામાં અને ગુફામાં રહીને આત્મતત્ત્વનું ધ્યાન ધરે છે અને તેથી તેઓ આત્મ સુખનો અનુભવ કરવા અધિકારી બને છે. આત્મ તત્ત્વના આરાધકોના શુભ સંકલ્પથી અને તેઓના જ્ઞાનથી જગતનું કલ્યાણ થાય છે. આત્મ શક્તિયોને પ્રગટાવ્યા વિના જગતનું કલ્યાણ કરવા કોઇ સમર્થ થતો નથી. યોગ વિદ્યાથી સંયમની શક્તિયો ખીલે છે અને તેથી

જગતને તેનો લાભ મળે છે. કોઇ એમ કહેતા હોય કે યોગી અગર સાધુ થવાથી જગતનેકંઈ ફાયદો થતો નથી આમ તેમનું બોલવું શશશૃંગવત્ અસત્ય ઠરે છે. તત્સંબંધી જો લખવા ધાર્યું હોયતો મોટો એક ગ્રન્થ લખાય તેટલા વિચારો પરિસ્ફુરે છે.

સંસાર સુધારામાં પણ સુમતિની ખાસ આવશ્યકતા છે. કુમતિની પ્રેરણાથી સંસાર સુધારો કરનારાઓ અવનતિના ખાડામાં ઉતરે છે અને દુનિયાને પણ અવનતિના ખાડામાં ઉતારે છે. સુમતિની પ્રેરણાથી સંસારમાં સમ્યક્ સુધારાઓ કરવાની વૃત્તિ થાય છે. સુમતિની પ્રેરણાથી જગતમાં શાન્તિ અને સંપના હેતુઓ રચાય છે. સુમતિની પ્રેરણાથી દ્રવ્ય ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ જે જે બાબતોમાં સત્ય હોય તે સુઝી આવે છે અને તેનો આદર કરવામાં આવે છે. ઢંકાયલું સત્ય પણ સુમતિથી પ્રગટી નીકળે છે. સુમતિ વડે સત્ય ધન અને સત્યસ્થાનની શોધ થાય છે. સુમતિની પ્રેરણાથી દુનિયા નીતિના માર્ગપર ચાલે છે. નીતિના સિદ્ધાન્તોને રચવાની પ્રેરણા કરનાર સુમતિ છે.

ચઉદ પ્રકારનાં ગુણ સ્થાનક છે, સદ્ગુણો વડે ઉપર ઉપરના ગુણસ્થાનકોની પ્રાપ્તિ થાય છે. સુમતિની પ્રેરણાથી અનેક ભવ્ય જીવોએ પૂર્વકાળમાં મોક્ષપદને પ્રાપ્ત કર્યું છે. વર્તમાનકાળમાં સુમતિની પ્રેરણાથી અનેક મનુષ્યો ચારિત્ર માર્ગને અંગીકાર કરે છે. સુમતિની પ્રેરણા વડે મનુષ્યો પોતાનું સામર્થ્ય પ્રગટાવવાને શક્તિમાન્ થાય છે. સુમતિની પ્રેરણાથી મનુષ્યો ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનમાં પ્રવેશે છે. સુમતિની દૃષ્ટિ અમૃતસમાન છે અને કુમતિની દૃષ્ટિ વિષસમાન છે. સુમતિથી આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. સુમતિ સુમાર્ગને બતાવે છે અને કુમતિ કુમાર્ગને બતાવે છે. કોઇપણ મનુષ્યમાં સદાચાર સદ્વિચાર અને પરમાર્થની વૃત્તિ હોયતો સમજવું કે તે હવે મુક્તિના માર્ગ સન્મુખ ગમન કરે છે, સુમતિનો પ્રકાશ અત્યંત અવર્ણનીય છે. સૂર્ય જ્યાં પ્રકાશી શકતો નથી એવા મનુષ્યો વગેરેના હૃદયમાં સુમતિ પ્રકાશ કરે છે, એવી સુમતિની દશા છે. આવી સુમતિનો સંગ જે મનુષ્યો કરે છે તે સહજ સુખને પ્રાપ્ત કરે છે.

સુમતિ એ આત્માની સત્ય સ્ત્રી છે તેથી તે પોતાના સ્વામી ચેતનને પોતાનું ખરૂં સ્વરૂપ સમજાવીને તેમને પોતાના ઘરમાં લાવવા પ્રયત્ન કરેતે બરાબર વિવેકનું કાર્ય છે. સુમતિ પોતાના સ્વામીના ઉપરજ પરિપૂર્ણ

પ્રેમ ધારણ કરે છે અને તેથી તે પતિવ્રતાના ધર્મને ધારણ કરનારી કહેવાય છે. તે પોતાના સ્વામિને પ્રાણજીવન એ વિશેષણથી સંબોધીને પ્રાર્થના કરે છે. હવે વિચારો કે તેને પોતાના સ્વામિ વિના જગતમાં શું આદેય છે? અલબત કંઇ નથી. પોતાના સ્વામિને સતી સ્ત્રી ગમે તેવા પ્રસંગોમાં મિષ્ટ શબ્દોથી બોલાવે છે અને કથે છે કે હે સ્વામિન્! કુમતિની સંગતિથી એક તલ માત્ર જેટલો પણ લાભ નથી. અંશ માત્ર પણ તમારૂ શ્રેય નથી, ઉલટું કુમતિના ઘેર તમે જાઓછો અને તેની પૂર્વોક્ત ચેષ્ટાઓમાં સપડાઓછો ત્યારે, અનેક પ્રકારની દુઃખની પરંપરામાં ફસાઓ છો અને તેથી તમારી શોભા એક તલ માત્ર પણ રહેતી નથી. કુમતિની સંગતિથી તમારા ઉપર જાદુઇ અસર થાય છે અને તમે પોતાના મૂળ શુદ્ધ ધર્મને ભૂલો છો એટલુંજ નહિ પણ ઉલટું અસત્યમાં સત્યની બુદ્ધિને ધારણ કરો છો, અહો! તમારી આવી ભૂલ તમને કેમ દેખાતી નથી? સુમતિનો આદેયરૂપ આ ઉપદેશ અન્તરમાં ધારણ કરવા લાયક છે. સુમતિ પોતાના આત્મપતિને ઉચ્ચ સત્યવિવેક કરાવવા જે ઉપદેશ આપે છે તે અમૂલ્ય અને હૃદય ગ્રાહક છે. હવે તે પુનઃ નીચે પ્રમાણે પોતાના પતિને સંબોધી કથે છે.

**उनसें मांगु दिन नांहि एक, इत पकरिलाल छरिकरि विवेक प्यारे॥२॥**
**उत शठता माया मानडुंब, इतरुजुता मृदुता मानो कुटुंब प्यारे॥३॥**

ભાવાર્થ—સુમતિ કથે છે કે હું કુમતિ પાસે એક દીવસની તમારી માગણી કરૂં નહિ, કુમતિને એમ કદાપિ નહિ કહું કે તું મારા સ્વામિને એક દીવસ માટે આપ કેમકે પતિવ્રતા સ્ત્રી કદાપિકાળે વ્યભિચારિ સ્ત્રીની પાસે પોતાના પતિની એક દીવસ માટે માગણી કરી શકે કે? પણ હવે અત્ર તો હે લાલ! વિવેક કરીને છરી પકડી છે અર્થાત્ છરી ગ્રહણ કરી છે અને તેથી સ્વયમેવ તમારે મારી પાસે આવવું પડશે. (૧) ભૂમિ શયન, (૨) પરપુરૂષ ત્યાગ, (૩) પાદ વિહાર–(૪) સચિત્ત ત્યાગ, (૫) એકાશન, (૬) અને ગુરૂ સાથે ગમન, આ છ રીતને છરી કહેવામાં આવે છે. સુમતિ કથે અન્તરમાં રહેલી ધારણારૂપ ભૂમિમાં હું શયન કરીશ અને પરભાવરૂપ પરપુરૂષનો ત્યાગ કરીશ. પરભાવરૂપ પરપુરૂષના સામું પણ નિરખીશ નહિ. નિરાલમ્બન ધ્યાનરૂપ પાદવડે હું અન્તરના અસંખ્યાત પ્રદેશમાં વિચરીશ. અન્ય જીવોના પ્રાણનો નાશ ન થાય તેવા પ્રકારથી જ્ઞાનામૃતનું ભોજન કરીશ. એક શુદ્ધ સ્વરૂપ આહારનુંજ ભોજન કરીશ અને અનુભવ જ્ઞાનરૂપ સદ્‌ગુરૂની સાથે અન્તરના પ્રદેશમાં ગમન કરીશ. આ છ રીતિને અન્તરમાં ધારણ કરી આપની પ્રાપ્તિ કરવા દૃઢ સંકલ્પ કરૂં

છું. પરમાત્મા સ્વામિની યાત્રા કરવા જનાર યાત્રાળુઓ સ્થૂલ પણે આ **છરી** પાળે છે અને તેથી તેઓ યાત્રાની સફલતા કરે છે. અન્તરમાં આ પ્રમાણે છરી પાળવાથી હે ચેતન સ્વામિન! કઇ વસ્તુનું આકર્ષણ ન કરી શકાય? મારી શુદ્ધ ભક્તિના પ્રતાપથી આપને હું પ્રાપ્ત કરીશ. હે ચેતન સ્વામિન! કુમતિની પાસે તો શઠતા, માયા અને માયારૂપ કુંબો છે, તેની પાસે શઠતા કુટુંબ રહે છે તેથીજ તે નીચ જાતિ અને નીચ કર્મ કરનારી છે એમ જ્ઞાનિ પુરૂષો તુર્ત અવબોધી શકે છે. જગત્‌માં કુમતિ વિના કોઇ સ્થાને લુચ્ચાઇ દેખવામાં આવતી નથી. જ્યાં કુમતિનો સંચાર થાય છે ત્યાં શઠતા, કપટ અને અહંકારનો પણ પ્રવેશ થાય છે. જ્યાં કુમતિનો સંચાર થતો નથી ત્યાં શઠતા કપટ અને અહંકારાદિનું ગમન પણ થતું નથી. રાવણના મનમાં પ્રવેશીને કુમતિએ માનને બોલાવ્યો અને રાવણનો નાશ કર્યો. કૌરવોના મનમાં પ્રવેશ કરીને કુમતિએ મોટું યુદ્ધ મંડાવ્યું અને કૌરવોનો નાશ કર્યો. પ્રાણી માત્રને કુમતિ ઉન્માર્ગમાં લેઇ જાય છે અને જીવોને સંસારમાં રાખે છે. કુમતિના વશમાં થએલા મનુષ્યો, કપટ, અહંકાર અને લુચ્ચાઇ કરવામાં પોતાનું અમૂલ્ય જીવન ગાળે છે. સંસાર નગરમાં અનેક પ્રકારના શરીરરૂપ વેષ ગ્રહાવીને ચોરાશીલાખ જીવયોનિરૂપ ચોકમાં જીવોને કુમતિ નચાવે છે. એકજ માતાના બે પુત્રોને સ્વાર્થ અને વિષયના સંબંધમાં અન્ધ બનાવીને તેઓને પરસ્પર લડાવી મારનાર કુમતિ છે– સર્વ જીવો પોતાના આત્મ સમાન છે તોપણ તેઓના ઉપર હિંસકભાવ પ્રેરનાર કુમતિ છે, ધન, રાજ્ય અને સત્તામાં મોહ પમાડીને જીવોને અહંકારના સમુદ્રમાં કુમતિ નાખે છે. મનુષ્યોમાં અનેક સ્વાર્થ સંબંધોને લેઇ કપટકળાઓ કરાવીને તેઓનું પરસ્પર નિકંદન કરાવનાર કુમતિ છે.

હે આત્મન્! અત્રતો રૂજુતા અને મૃદુતા આદિખરૂં કુટુંબ છે. સુમતિની પાસે આવતાં રૂજુતા, મૃદુતા, નિર્લોભિતા, સમિતિ અને ગુપ્તિ આદિ પોતાના કુટુંબનો મેળાપ થશે અને તેથી તમને સ્વભાવેજ સહજાનન્દની ખુમારીનો લાભ મળશે. સુમતિ બન્ને તરફનું ખરૂં સ્વરૂપ પ્રગટ કરીને દેખાડે છે.

**उत आस तृष्णा लोभ कोह, इत सांत दांत संतोप सोह. ॥प्या.॥४॥**

**उत कला कलंकी पाप व्याप, इत खेले आनन्दघनभुप आप.॥प्या.॥५॥**

**ભાવાર્થ**—હે સ્વામિન્ કુમતિના સાંતો, આશા, તૃષ્ણ, લોભ અને ક્રોધ વસેલ છે. કુમતિની પ્રેરણાથી દેવતા, મનુષ્યો અને પશુ પંખી વગેરે પ્રાણીઓ અનેક પ્રકારની આશાઓ કરે છે. જગત્‌માં આશા સમાન કોઇ

મનનું દુઃખ નથી-અનેક પ્રકારના પદાર્થોની આશાથી મનુષ્યો અનેક પ્રકારનાં માનસિક દુઃખો પ્રગટ કરે છે. કુમતિના ફન્દમાં ફસેલા જીવો તૃષ્ણાના તાપથી તપ્ત થઇ હાયવરાળ કર્યા કરે છે. તૃષ્ણાથી કોઇપણ જીવને ખરી શાન્તિ પ્રગટી નથી—મોટા મોટા પ્રોફેસરોના હૃદયને તૃષ્ણા બાળીને ભસ્મ કરે છે. જગતના જીવો તૃષ્ણાના તાપથી રાત્રી અને દિવસ જરા માત્ર પણ શાન્તિનો અનુભવ કરી શકતા નથી. તૃષ્ણાથી રાજાઓ પણ રંકની પેઠે આચરણા કરે છે. તૃષ્ણારૂપ દાવાનલમાં પડેલા જીવો ક્યાંથી સુખ પામી શકે ?—કુમતિની પ્રેરણાથી જીવો લોભસાગરમાં બુડે છે. લોભસાગરનો કોઇ પાર પામી શકતો નથી. જગતમાં લોભ સમાન કોઇ દુઃખ દેનાર નથી. લોભી જીવ કયું પાપ કરી શકતો નથી. લોભી મનુષ્ય છતી આંખે સત્યને દેખી શકતો નથી. લોભી મનુષ્ય પોતાના સત્યસ્વરૂપને દેખવા માટે સમર્થ થતો નથી. મનુષ્યો લોભવડે અન્ય જીવોનાં દુઃખ દૂર કરવા—લક્ષ્મી—સત્તા અને કાયાનો ઉપયોગ કરી શકતા નથી—મનુષ્ય ઉચ્ચ શ્રેણિએ ચડવા પ્રયત્ન કરે છે કિન્તુ લોભ તેનો પગ ખેંચીને હેઠળ પાડે છે. મનુષ્ય, સદ્‌ગુણરૂપ પુષ્પથી ખીલી ઉઠેલા બાગમાં વિહાર કરવા પ્રયત્ન કરે છે ત્યારે લોભ તેને દુર્ગુણરૂપ વિષ્ટાના ખાડામાં નાખી દે છે. લોભના પાસમાં ફસાયલા જીવો અનીતિ માર્ગમાં ગમન કરે છે—સિકંદર બાદશાહે લોભથી લાખો મનુષ્યોના પ્રાણ લીધા પણ અન્તે તેને બે હાથ ઘસવા પડયા. નવનન્દ રાજાઓએ સમુદ્રમાં લોભવડે સુવર્ણની ડુંગરીઓ બનાવી પણ મરણ પશ્ચાત્ તેઓ સાથે કંઇપણ લેઇ ગયા નહિ. કુમતિના લીધે કાળાનાગ સમાન હૃદયમાં ક્રોધ પ્રગટે છે અને તે—દયા—પ્રેમ—મિત્રતા—અને સંપનો ક્ષણ માત્રમાં નાશ કરે છે—કુમતિનો વ્યાતિ ઉપર્યુક્ત દુઃખકર પરિવાર છે અને સુમતિ કહે છે કે અહિયાં તો—શાન્તિ—દાન્ત અને સન્તોષ ગુણની શોભા બની રહી છે—શાન્ત અને દાન્ત ગુણથી વૈર વિરોધ—અને ઇન્દ્રિયોના વિષયોનું જોર ટળી જાય છે. શાન્ત ગુણથી મનુષ્ય જ્યાં ત્યાં પૂજાય છે અને તે મુક્તિ મહેલના પગથીયાપર ચઢી શકે છે. દાન્તગુણથી મનુષ્ય મનની આરોગ્યતા સાચવી શકે છે અને એક ધર્મ યોદ્ધા તરીકે જગતમાં પ્રખ્યાત થાય છે—ઇન્દ્રિયોને દમ્યા વિના દાન્તગુણ પ્રાપ્ત કરી શકાતો નથી. શાન્ત અને દાન્તગુણવડે મોહરાજાનો પરાજય કરી શકાય છે. ક્રોધનો નાશ કરવા શાન્તગુણ સમાન અન્ય કોઇ યોદ્ધો નથી. સન્તોષ ગુણની શોભાનું વર્ણન કરીએ તેટલું અલ્પ છે—લોભરૂપ સમુદ્રને સન્તો રૂપ અગસ્તિ મુની પી જાય છે. લોભના અનેક વિકારોને હઠાવી દેનાર સન્તોષરૂપ રસાયનનો

અપૂર્વ મહિમા છે. સન્તોષરૂપ સૂર્યનાં કિરણો મનરૂપ પૃથ્વીપર પડતાં લોભરૂપ અન્ધકાર પલાયન કરી જાય છે. સન્તોષરૂપ અગ્નિ લોભ કર્મ કાષ્ઠને બાળી ભસ્મ કરે છે. સંતોષરૂપ સિંહનો મનરૂપ વનમાં પ્રવેશ થતાં લોભાદિ મૃગ પ્રાણીઓ આડાંઅવળાં ભાગી જાય છે. સન્તોષરૂપ મેઘની વૃષ્ટિ થતાં લોભ રૂપ તાપની ક્ષણમાં શાન્તિ થઈ જાય છે. સન્તોષરૂપ ગરૂડને દેખતાંજ લોભરૂપ સર્પ નાસી જાય છે. જગતમાં સંતોષ સમાન કોઇ સુખ નથી. સુમાત કથે છે કે હે ચેતન સ્વામિન્! મારે ત્યાં ઉપર્યુક્ત શાન્ત, દાન્ત અને સન્તોષાદિ પરિવાર છે. કુમતિના ત્યાં જેની કલંકવાળી કલા છે એવું પાપ કુમતિને વ્યાપી રહ્યું છે. કલંકી પાપનું સ્થાન કુમતિ છે. કુમતિ થતાંજ પાપ પ્રગટ થાય છે. અશુભાશ્રવનું મૂળ કુમતિ છે. કુમતિથી પાપની રાશિ પેદા થાય છે. જે જીવો કુમતિના વશમાં પડ્યા છે તે જીવો પાપ કર્મથી બંધાય છે-મનમાં કુબુદ્ધિ ઉત્પન્ન થઇ એટલે જીવને પાપ લાગે છે એમ જીવો એ સમજવું. કુમતિના ઘરની આવી દશા છે અને હે ચેતન ! મારા ઘરમાં તો આનન્દનો ઘન જેમાં છે એવા આપ ત્રણ ભુવનના ભૂપ વિરાજી શકો છો. કુમતિના ઘેર નીચ દુષ્ટોનો વાસ છે અને અત્ર તો આપજ ખેલી શકો છો અને અનન્ત સુખનો ભોગ લેઇ શકો છો-આપના વિના મારા ઘરમાં અન્ય કોઇને આવવાનો હક્ક નથી આવું સુમતિનું સંભાષણ સાંભળીને ચેતનના હૃદયમાં વિવેક જાગૃત થયો અને તે સુમતિના ઘરમાં પધાર્યા અને સહેજ સુખમાં ખેલવા લાગ્યા એમ આનન્દઘન કહે છે.

---

# ' विस्मरण अने तेनी उपयोगीता '

( લેખક.—માસ્તર. ભોગીલાલ મગનલાલ. સુ. ગોધાવી. )

વિસ્મરણ શબ્દ **સ્મૃ** સ્મરણ કરવું ધાતુ પરથી નીકળ્યો છે. તેને વિ ઉપસર્ગ લાગતાં તેનો અર્થ વિસરીજવું એવો થાય છે. વિસ્મરણ એતો ભુલી જવું અર્થાત્ વિસરી જવું તે. વ્યવહારમાં સામાન્ય રીતે સ્મરણ બહુ ઉપયોગી ગણાય છે. યાદશક્તિ-સ્મરણ શક્તિની તુલનામાં વિસ્મરણ શક્તિને નિરૂપયોગી ગણવામાં આવે છે. અમુક બાબતને-અમુક મનુષ્ય સ્મરણમાં રાખી શકે તો તેને દક્ષ વા નિપુણ કહેવામાં આવે છે. એથી ઉલટું જો અમુક મનુષ્ય તે બાબતને ઝટ વિસરી જાય તો તેની મન શક્તિ મંદ હોય એમ કલ્પના કરવામાં આવે છે. છતાં વિસ્મરણ પણ મનની શક્તિઓના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. વિસ્મરણ પણ તેની અગત્યતાના પ્રમાણમાં ઉપયોગી છે. સારી બાબતોનું સ્મરણ જોકે મનુષ્યને ઘણા પ્રસંગોમાં

ફળપ્રદ થાય છે. પરંતુ નરસી બાબતોનું સ્મરણ ઘણા પ્રસંગે અનર્થ મૂળક નિવડે છે. વ્યવહારમાં ઘણા વિકટ અને ગહન પ્રશ્નોનું નિરાકરણ કરવાને ચિત્તની શાન્તિ અને એકાગ્રતાની જરૂર પડે છે. આ પ્રસંગે આસપાસના સંયોગો, મનમાં પૂર્વથી રમી રહેલા વિચારો, ચિન્તા આદિને ત્યજી શાન્તિ ધારણ કરવાની આવશ્યકતા છે. જે મનુષ્યમાં સંનિધના સર્વ પ્રસંગો અને વિષયોમાં આકર્ષાતી ચિદ્વૃત્તિનો નિગ્રહ કરી, અમુક લક્ષ્ય વિષયમાં તેને એકાગ્ર કરવાની શક્તિ વિશેષ હોય છે તે પોતાનું કાર્ય સરળતાથી સિદ્ધ કરી શકે છે. નાના બાળકથી આરંભીને જોઈશું તો આ નિયમ સર્વત્ર લાગુ પડતો દૃષ્ટિએ પડે છે. શિશુવયમાં એકાગ્રતાનું બળ બહુ ઓછું હોય છે. આ વયે તેનામાં ચંચલતા વિશેષ હોય છે. આથી તે અમુક બાબતોને ઝટ ગ્રહણ કરી શકે છે પરંતુ તેની ગ્રહણ શક્તિના પ્રમાણમાં તેનામાં ધારણ અને સ્મરણ શક્તિનું બળ બહુ ઓછું હોય છે. સ્મરણ શક્તિની ન્યૂનતા ગ્રહણ અને ધારણ શક્તિનો વિકાસ થયે ક્રમશઃ ઓછી થાય છે. આ શક્તિનો વિકાસ થયે નવીન બાબતો ને ગ્રહણ કરવા તે શક્તિમાન થાય છે. અઘરા અને કઠિન વિષયો પણ તે ગ્રહણ કરી શકે છે. તેટલા પુરતું પોતાનું કાર્ય કર્યાબાદ વિસ્મરણ રૂપી પ્રતિક્રિયા પોતાનું કાર્ય કરે છે. યાદ કરેલી બાબતોને વિસ્મૃત કરી નવીન બાબતોને ગ્રહણ, ધારણ કરાવવામાં તે સહાયભૂત થઈ પડે છે. વ્યવહારમાં પણ જે મનુષ્યમાં વિસ્મૃત કરવાની, અમુક અમુક બાબતોમાં ખામોશ ધારણ કરી છુટ છાટ મુકવાની શક્તિ હોતી નથી તે ઘણે પ્રસંગે નજીવી બાબતને તેની અગત્યના પ્રમાણમાં કાંતો વિશેષ મહત્વ આપવાથી અગર કાંતો બહુ આગ્રહ ધરવાથી ચિત્તને વ્યર્થ સંતાપ આપે છે. અલ્પ બીનાને મોટી બીના જેટલું મહત્વ આપી પ્રમાણની કાંઈ પણ સમાનતા રાખ્યા વિના નાની મોટી સર્વ બાબતોમાં સમાન લક્ષ આપવાથી પરિણામે મનુષ્ય બહુ દુઃખી થાય છે. તે નિરંતર ચિંતાતુર રહે છે. એથી ઉલટું જે મનુષ્ય, ગોલ્ડ સ્મીથ કવિ કહે છે તેમ—" *To sweet oblivion of his daily cares* " પોતાની ચિન્તા–વિચારના ભારને આનંદી રીતે વિસ્મૃત કરે છે તે નવીન ચિન્તા–વિચારના ભારને વહન કરી શકે છે. જેમ વાવેલું બીજ જમીનમાં જઈ કહોવાય છે ત્યારેજ તેમાંથી નવીન ઝાડ–રોપો ઉત્પન્ન થાય છે. અગરતો જેમ નીસરણીના એક પગથી-આપર મૂકેલો પગ ઉપાડીએ ત્યારેજ તેને બીજે પગથીએ મૂકી શકાય છે તેમ અમુક બાબતોનું વિસ્મરણ થાય છે ત્યારેજ નવીન વિષયોને લગતા વિચારો વહન કરી શકાય છે. એ કહેવત છે કે:—

"Thus in the mind while memory prevails,
The solid power of understanding fails."

" જ્યાં સુધી મનમાં સ્મરણ શક્તિનું બળ વિશેષ હોય છે ત્યાં સુધી વિચાર શક્તિ બહુ બળવાન રહી શકતી નથી."

કુદરતમાં પણ આપણે જોઇએ છીએ કે ઝાડપાલો આદિ પદાર્થો કહોવાઇ ખરી પડી અન્યને ઉગવા અને વધવાનો અવકાશ આપે છે. એ તેમ નહોત તો નવીન ઝાડપાલા ને ઉગવા કે વધવાનો અવકાશજ ન રહેત ! મનની ક્રિયાનું પણ તેમજ છે. સ્મરણ ક્રિયા પોતાનું કાર્ય કરી રહે છે. તે પછી તેની પ્રતિ ક્રિયા રૂપે વિસ્મરણ પોતાનું કાર્ય કરે છે. અમુક બાબત સ્મૃતિમાં સ્થીર થયા પછી તેની ઉપયોગીતા, મનની રૂચિ અને મહાવરાના પ્રમાણમાં તેમાં ક્રમશઃ ફેરફાર થાય છે. જો વિષય નિરસ અને નિરૂપયોગી હોય તો તેમાં ચિત્ત વૃત્તિ એકાગ્ર થતી નથી. આથી તે ક્રમશઃ સ્મૃતિમાંથી ખસવા માંડે છે અને સમય જતાં તેનું તદ્દન વિસ્મરણ થાય છે.

વિસ્મરણ જેમ નવીન વિષયોના સ્મરણમાં આશ્રયદાતા થઇ પડે છે તેમ અસદ્ વસ્તુનું વિસ્મરણ સદ્વસ્તુના સ્મરણમાં બહુ સાધનભૂત થાય છે. જે મનુષ્યોને અંતર્દર્શનની ટેવ-અર્થાત્ હૃદયમાંના વિચારોનું નિરીક્ષણ કરવાની ટેવ હોય છે તેઓને ઘણા પ્રસંગોમાં એમ માલુમ પડ્યું હશે કે જીંદગીમાં જોયેલા, સાંભળેલા અનુભવેલા અમુક દુષ્કૃત્યો વા દુર્વિચારોનું સ્મરણ પોતાની ઇચ્છા વિરૂદ્ધ પણ તેમને થયાં કરે છે. અમુક બીના વારે વારે સ્મૃતિમાં આવવાથી દૃઢ થાય છે. તેનો મહાવરો પડવાથી હૃદય-પ્રદેશમાં તેની રેખા દોરાય છે અને જેમ અમુક બાબતનો વિશેષ પરિચય થાય છે તેમ તેને વિસ્મૃત કરવી બાહુ કઠિન અને દુસ્તર થાય છે. તે સ્વયં ક્રિય બની રહે છે. ભૂતકાલનો અનુભવ વર્તમાન કાળની રેખા દોરે છે. ભૂત કાલમાં અનુભવેલા દરેક પ્રસંગોનો ચિતાર વર્તમાન કાળમાં ઇચ્છા વિરૂદ્ધ આ રીતે ખડો થતો ઘણાએ જોયો હશે. તેમના રોકવાના પ્રયત્નો પણ ઘણે પ્રસંગે નિષ્ફળ થયા હોય છે. જેમ જેમ મનુષ્ય ઇચ્છા શક્તિની પ્રેરણાને સન્માર્ગે-વાળવામાં વિજયી થાય છે તેમ તેનામાં સંયમનું બળ વધે છે અને જેમ જેમ સંયમનું બળ વધે છે તેમ-તેમ તે પોતાના ભૂતકાળના વિચારોને વિસ્મરણ કરી શકે છે. આ પ્રમાણે વિસ્મરણ એ ચિદ્દવૃત્તિના નિગ્રહમાં સાધન ભુત થાય છે. મન ચંચળ છે પણ અભ્યાસ વડે ભૂતકા-

ળના અનુભવોનું વિસ્મરણ કરાવી નવીન સત્પથમાં તેને સ્થીર કરી શકાય છે; અને તે પ્રકારનો મહાવરો પડતાં સંકલ્પ સંકેત વિના પણ તે શુભ પથમાં સ્વયં ક્રિયાશિલ થઇ રહે છે. ગીતામાં પણ કહ્યું છે કે:—

**चंचलं हिमनः कृष्ण प्रमार्थी बलवद् दृढम् अभ्यासेन तुकौंतेय.**

સંયોગોના ફેરફાર સાથે તેની ક્રિયામાં ફેરફાર થાય છે. જે પ્રકારનો મહાવરો પડે તે પ્રમાણે તે ગતિમાં રહે છે. સન્માર્ગમાં ચિદ્દવૃત્તિને દોરી તેના શુભ સંસ્કારો પાડવાથી મન સંસ્કારી થાય છે; અને જેમ સદ્વિચારોની છાપ દ્દઢ થાય છે તેમ તેનામાં સારાં લક્ષણોનું વલણ બંધાય છે. આથીજ દુષ્કૃત્ય કે દુર્વિચારોનું સ્મરણ માત્ર પણ ત્યજી દેઇ સત્કૃત્ય અને સદ્વિચારોનો મહાવરો પાડવાની જરૂર છે. કહ્યું છે કે.

**शुभा शुभाभ्यां मार्गाभ्यां वहन्ति वासना सरित्**

**पौरुषेण प्रयत्नेन नियोजनीया शुभपथि ॥**

શુભ વા અશુભ માર્ગમાં વહેતી વાસનારૂપી નદીને યત્ન વડે શુભ પંથ તરફ વાળવી જોઇએ. ( યોગવસિષ્ટ )

એથી ઉલટું દુષ્કૃત્ય કે દુર્વિચારોની ગંધે પણ જવું ન જોઇએ. ઘણે પ્રસંગે અન્યના દુષ્કૃત્યો વા દુર્વિચારોપ્રતિ તીરસ્કાર દર્શાવવાના હેતુથી જાણે અજાણ્યે મનુષ્ય પોતાના મનમાં સંકલ્પ આવવા દે છે. શરૂઆતમાં તેનો આશય શુદ્ધ અને ઉચ્ચ હોય છે. સત્ય પ્રત્યે પ્રેમ અને અસત્ય પ્રત્યે તીરસ્કાર વા દ્વેષ બન્ને સહ્રદયતાના ગુણો હોય એમ કલ્પવામાં આવે છે. પરંતુ અધિકાર વિના વા સત્પથમાં ચિદ્દવૃત્તિ સ્થીર થયા વિના વા શુભ સંસ્કારોનું બળ વાસના સામે ટક્કર ઝીલવા જેવું પુરતું બળવાન થયા વિનાનું તેનું હ્રદય ધીમે ધીમે દુર્વાસનાને પરિચિત થતું જાય છે. ક્રમશઃ સહ્રદયતાનું બળ ઘટે છે, તેની અંતર પ્રેરણા નબળી પડે છે અને જેમ જેમ તેનો પરિચય વધતો જાય છે તેમ તેમ તે દુર્વાસનારૂપી સરિતાના પ્રવાહમાં ઘસડાય છે. એક વિદ્વાન લખે છે કે:—

Vice is a monster of so fright ful mien,
As to be hated needs to be seen;
But seen too oft familiar with her face,
We first endure, then pity, then embrace.

દુર્ગુણ એ એવા ભયંકર સ્વરૂપવાળો રાક્ષસ છે કે ખરેખર મનુષ્યોએ તેના તરફ માત્ર તીરસ્કારની વૃત્તિથીજ જોવું જોઇએ, છતાં જો વારંવાર જુએ તો મનુષ્યો તેનાથી એવા પરિચિત થઇ જાય છે કે પ્રથમ તેમાં તેમને અણુગમો લાગતો નથી, પછી તેમાં તેમની સહાનુભૂતિ થાય છે અને છેવટે તેઓ તેને પ્રેમથી ચાહે છે.

આ કથનનું સત્ય જો મનુષ્યો તેમના મનના અનુભવો વિચારો આદિનુ અવલોકન કરેતો તેમને ઝટ સમજાય છે. ઘણે પ્રસંગે મનુષ્યને એમ લાગે છે કે અમુક બાબત પ્રતિ તેમને સખ્ત અણુગમો હોય છે પણ જેમ જેમ તે સાથેનો તેમનો પરિચય વધતો જાય છે. તેમ તેમની અંતર આજ્ઞાહ્રદયની પ્રેરણાનું બલ કમી થાય છે. પ્રથમતો તે પ્રતિનો તેમનો તિરસ્કાર દુર થાય છે. વખત જતાં અને પરિચય વધતાં તેમાં તેમની પ્રીતિ થાય છે. અને છેવટે તેમની અંતર પ્રેરણા તદ્દન શિથિળ થાય છે. ક્રમશઃ તેમની વાસનાનું બળ એટલું વધે છે કે તે પ્રાપ્ત કરવાને ઉત્કટ ઇચ્છા થાય છે. આથી સુજ્ઞ મનુષ્યોએ ભૂત કાઢવા વાસના મૂલક અનુભવોને વિસ્મૃત કરવા એજ શ્રેયસ્કર છે.

---

# कषाय चतुष्टय.

## माया.

( લેખક.—ભીખાભાઈ છગનલાલ શાહ, )

( અનુસંધાન અંક ૫ માના પાને ૧૩૮ થી )

" આ હું અને આ મારૂં " એ મોહરાજાના મંત્રવડે સમસ્ત જગત—આંધળું થઇ ગયું છે. મોહરાજાના રાજ્યનો આધારજ એ બીજ મંત્ર છે. આત્મા એ મંત્રને વશ થઇને પરપરિણતિ માત્રમાં રમી રહ્યો છે. અને તેથી મ્હારા ત્હારાનો ભેદ ઉભો થયો છે અને ધીમે ધીમે તે ગફલત વધીને તે મોટો ખરાબો થયો છે. કોઇ કોઇ વખત તો માયાની જાળમાં ફસાઇ જવાથી મોટા મોટા પંડીતો પણ કેવળ માનની ખાતર કાંઇક નવુંજ તુત ઉભું કરી અવળી પ્રરૂપણા ચલાવે છે. અગર પોતાની કોઇ થઈ ગયેલી ભૂલ કબૂલ નહિ કરતાં તે ભૂલનેજ સત્ય પ્રવર્તન મનાવવા વૃથા પ્રયાસ કરે છે અને તેમ કરતાં ઉત્સૂત્ર પ્રરૂપણ કરવાનું મહા પાપ કરી દુર્ગતિ વ્હોરે છે. અનંત સંસારી બને છે. આથી સમજવાનું છે. આમંત્રવડે માયાની

જાળ વિશાળ—વિસ્તારથી પ્રસરાયેલી છે. "હુંજ સાચો અને મ્હારૂંજ ખરૂં—અને મનેજ માનો" એ માનદશા પણ માયાથીજ થયેલી છે. માયા એ દુર્ગતિની છાયાજ ક્હોને !

હવે આ જે દેખાય છે તે સ્થિતિ—પૌદગલિક પદાર્થોમાં રક્ત સ્થિતિ-વાળો હું નહિ અને જે આ બધું ક્ષણિક દેખાય છે તે મ્હારૂં નહિ, હું આ બધાથી ન્યારોજ છું. હુંમાં હુંજ છું. શુદ્ધ આત્મદ્રવ્ય તેજ હું—અનંત સુખમય હું—શુદ્ધ જ્ઞાનાદિ ગુણ એજ મારા પદાર્થો—એજ મારૂં ધન." આ શુદ્ધ સમજ મોહનું નિકંદન કરવા સમર્થ છે અર્થાત્ પેલા મંત્ર બીજનું જોર હઠાવવાને "આ હું નહિ ને આ નહિ માહરૂં" એ મંત્ર સબળો છે.

## ઉપજાતિ.

મારૂં નહિ કોઇ ન કોઇનો હું, જુદો એકલો અતિસ્વચ્છ હું છું;
માયાવડે હા ! અવરાયલો છું, તેથીજ દુઃખી સ્થિતિ ભોગવું છું.

જો એક માયાને તજી દઉં તો હું તરતજ સુખી છું. માયામય આ સંસારથી ન્યારો રહું તો હું તરતજ સુખી છું. સુખ મ્હારામાંજ છે. સુખમયજ હું છું. કસ્તુરીઓ મૃગ કસ્તુરી શોધે એ કેવી મૂર્ખાઇ છે ? તેમજ હું મૂર્ખાઇને વશ થવાથી સુખને બહાર શોધું છું. લવણ સાગર વાદળી પાસેથી પાણીની આશા રાખે તો કેવું હાસ્યાસ્પદ ગણાય ? તારાથી ખીચોખીચ ભરપુર આકાશ—સરોવરમાં તારાના પ્રતિબિંબની પ્રભાનો સમૂહ દેખી તેમાંથી એકાદ પ્રતિબિંબને, તારો માની લેવાની ઇચ્છા રાખે તો તે કેવું ગણાય ? ખરેખર ! આ માયાવશ અભાગી જીવ બહારના ક્ષણિક સુખને દેખી, તે જાણે નિત્ય ન હોય તેવી રીતે, ઝાંઝવાના જળ માટે હરણીઓ જેમ દોડે છે તેમ તે સુખોની પછવાડે અથડાય છે—પણ બિચારો જાણતો નથી કે સુખ પોતામાં જ છે.

આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થવું એજ તેનું શુદ્ધ દર્શન છે અને તેથી જ માયાથી બચાય છે, આત્માનું સ્વસંસ્થાન્ જેમણે મેળવ્યું છે તે શ્રી વિતરાગ—શ્રી સર્વજ્ઞ પ્રભુના અનુભવ-વાક્યોનું ગ્રંથન શાસ્ત્રનો અભ્યાસ રૂપી દીપક તેજ આ માયાના અંધકારને દૂર કરનાર છે અને તે જ્ઞાન તેજ આત્મજ્ઞાન, આત્મદર્શનાદિ આપનાર છે માટે પ્રથમ તે પગથીઉં આદરવા યોગ્ય છે. અને તે જ્ઞાન મેળવવાના પ્રયાસમાં કદી પણ પાછા ન પડીએ માટે આપણને દ્રઢ બનાવી રાખનાર, તે પ્રભુના પગલે ચાલનારા

તેમના મોટા પુત્રો શ્રીસદ્‌ગુરૂ મહારાજ છે તે સદ્‌ગુરૂ મહારાજનો હમેશાં સંગ રાખવો ઉચિત છે. યાદ રાખવું કે સાંકળની કડીઓમાંથી એક ત્રુટી તો આખી સાંકળ ત્રુટેલીજ સમજવી, માટે શાસ્ત્રાભ્યાસ–સત્સંગ–વિગેરે માયા તજવાના ઉપાયોરૂપ તમામ કડીઓ પ્રયાસરૂપી સાંકળમાં યોજેલી રાખવી. આજકાલ કેટલાક સ્વકપોળ કલ્પિત મત્યનુસાર ચાલનારા મોટા મત સ્થાપનારા તરીકે દ્રષ્ટિગોચર થાય છે. ખરેખર ! તેઓ તેમના સાચા પ્રયાસમાં ભૂલે છે ! ડુલે છે !

સત્ સંગત્ અતિ શ્રેષ્ટ જગતમાં, લોહું કંચન થાયે;
સત્ સંગતથી નર પામર પશુ, નારાયણ બની જાયે. સતીસીતા.

સત્ સંગતના પ્રભાવથી કોણ અજાણ છે વારૂ ! સર્વજ્ઞના પગલે ચાલનાર સદ્‌ગુરૂ મહારાજનો સતસંગ તે માયા–ત્યાગના પ્રયાસને અભંગ રાખનાર છે. ભુલું પડવાના આત્માના અનાદિકાળના અભ્યાસને લઇને, વળી સંસારના ભુલા પડવાનાજ સંયોગો મળતા હોવાથી, માયામાં ફસાવાનો પ્રસંગ ઘણી વખત આવી જાય તે સ્વાભાવિક છે, તે વખતે ગુરૂ મહારાજનો સતસંગજ બચાવનાર છે માટે તેવા ગુરૂ મહારાજ પાસેજ તેમના બહુમાન પૂર્વક તેમની આજ્ઞા પૂર્વક જ્ઞાન મેળવ્યા જવું અને માયા તજવાના તેઓએ સાધેલા ઉપાયો પોતે પણ સાધતા જવું.

માયા રૂપી નાગિણીનું ઝેર રગે રગે વ્યાપિ ગયું છે. તેમાં માનવભવ રૂપી વૈદ્યવરના મેળાપની તક અનાયાસ મળી છે. તેમાં પણ ઉત્તરોત્તર દુર્લભ પુરૂષપણું, આર્યદેશ, શ્રાવક કુળ, જૈનધર્મ, સદ્‌ગુરૂનો યોગ, ધર્મ સાધનજ સારી સામગ્રીઓનો સંયોગ, આરોગ્યતા વિગેરે વિગેરે મહત્ સગવડો પણ તૈયાર છે. ઔષધિ સેવતાં જોઇતી સગવડો પણ તૈયાર છે માટે પ્રમાદ કરવો ઉચિત નથી.

માયા સાપિણી જગ ડસે, ગ્રસે સકળ ગુણસાર;
સમરો ઋજુતા જાંગુલી, પાઠ સિદ્ધ નિરધાર.

શ્રી યશોવિજય ઉપાધ્યાય.
જૈનહિતોપદેશ.

સર્પડંશ જાંગુલી મંત્રથી તરતજ શમી જાય છે, મટી જાય છે. તેમજ ઋજુતા સરલપણું પ્રમાણિકપણું સ્વભાવે રમવાપણું તે ઋજુતા કહેવાય. તેને આદરવાથી માયા નિરોધ થઇ શકે છે. માટે પ્રથમ સતસંગ ચાલુ કાયમ રાખી આત્મ જ્ઞાનના અભ્યાસથી, મોહાદિ જુદા છે. શત્રુ છે ઇત્યાદિ જાણી તેને જુદા કરવા, એટલે કે અભ્યાસ રૂપ વિવેચન વડે મોહ

માયાનો મળ દૂર થાય છે એ જ્ઞાન મેળવવું અને પછી ઋજુતા–ઔષધિનું સેવન કરવું કે માયાના બાર વાગ્યાજ સમજવા. માયા ત્રાસ પામીને નાશીજ જવાની. અલબત્ત તે જુદા જુદા રૂપે પ્રાણીઓને ઘડી ઘડી ફસાવે છે તેમ તે સ્થિતિએ પણ તે ઉન્નતિમાં વધ્યા જતા આત્માને ફસાવવા પ્રયત્ન કરેછેજ. મહાન્ લબ્ધિ મેળવ્યા પછી પણ જો તે લબ્ધિ ઉપર મોહ થયો તો તે પાછું માયામાં સપડાવાનુંજ અને તેથી ઉપયોગ રૂપ પથ્ય સદા પાળવાનુંજ છે ! ઔષધિનું અનુપાન ઉપયોગ કહીએ તોપણ ચાલે અને જ્યારે જ્યારે એમ લાગે કે માયાએ અંગમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યારે પ્રાયશ્ચિત રૂપ સજા–અમુક નમસ્કાર મંત્રનું સ્મરણ, અગર એક આંબિલ–ઉપવાસ–છઠ –કે અઠમ ઇત્યાદિ સહીલેવી એટલે તરત માયા બિચારી બાપડી બની જશે અને ધીમે ધીમે માયાથી વિરક્ત થઇ શકાશે. ઉપયોગને અનુપાન કહેવા કરતાં પથ્ય ગણવું વધારે ઠીક છે જેમ પથ્યની દરકાર રાખો તેમજ ઉપયોગની દરકાર રાખવી. ખાધેલો પારો રખે ફૂટી નીકળે તેવી દહેશતથી જેમ ચીસફોટક અને ચાંદીના રોગી માણસો આંબલી–વાલની દાળ વીગેરે ખાવાનું મન પણ કરતા નથી તેમજ તમારૂં વ્રત–માયા ત્યાગ વ્રત ખંડાય નહિ તેનો સર્વદાનો ઉપયોગ–પથ્ય પાળવા જેવુંજ છે.

માયા એ એક એવું ઝેરી બીજ છે કે જે બીજા તમામ અનર્થો તેના ફળ રૂપ છે તે બીજને મૂળથીજ ધોઇ નાખનાર–બાળી નાખનાર ટાળી નાખનાર ઉપરોક્ત વીર ઉપાયોજ છે.

તેવી રીતે સૃષ્ટિના સમસ્ત પ્રાણીઓ સૃષ્ટિનેજ તરો એટલે કે માયાથી બચો અને સ્વસ્વરૂપ પામો.

---

# મૂલનો ભોગ.

( **લખનાર**—મહેતા વેલચંદ ઉમેદચંદ, વકીલ હાઇકોર્ટ. )

સમી સાંજનાં સૂર્યનાં કિરણો દરિયાના મોજાં ઉપર પડી, દરિયાને તેજોમય કરતાં હતાં. મંદમંદ પવન મોજાં સાથે અથડાઇ હવાને ખુશનુમાં કરતો હતો. લોકો ધંધામાંથી મૂક્ત થઇ, કોઇ નફાથી આનંદીત, તો કોઇ નુકશાનથી શોકાતુર ચહેરા સાથે, પોતાનાં ઘર તરફ પલાયન કરતા હતા.

આ વખત ધંધો બંધ કરી જીવણલાલ ઝવેરી બે ઘોડાની ફેટનમાં બેશી ચોપાટી ઉપરના પોતાના બંગલા તરફ જવા નીકળ્યા. તેઓ જૈન હતા. પૈસે ટકે સુખી, ધર્મ અને ઇંગ્રેજી કેળવણીના સંસ્કારવાળા, ધર્મચુસ્ત પણ ધર્માંધપણાથી મુક્ત, નવા જમાનાને અનુસરી જરૂરીયાતોને અનુમોદન આપનાર, ઔદાર્ય, ઉચ્ચ દ્રષ્ટિવાળા અને નિતિવાન પુરૂષ હતા. ઘોડાગાડી બંગલાના ચોગાનમાં ઉભી રહી, પોતે નીચે ઉતર્યા. આર્ય હાઇસ્કુલના વિદ્યાર્થી સરીતચંદ્રે સીલ કરેલી પેટી શેઠ આગળ ધરી. શેઠે સ્મિત ચહેરે પૂછ્યું " અલ્યા સરીતચંદ આજે શો ઢોંગ લાવ્યો છે વળી ! " " સાહેબ બીજી કોમો કેળવણી માટે ભગીરથ પ્રયત્ન કરે છે, તેથી આર્ય લોકોએ પણ ઉંઘમાંથી જાગ્રત થઇ જમાનાને જવાબ આપવો જોઇએ, તેથી દેશ હિત જાણનાર વિદ્યુત સાગર, નર રત્ન, જૈનસમાજના આચાર્ય મતિચંદ વગેરે મળી ભારત નિવાશી સમસ્ત જૈન લોકો માટે એક મોટા પાયા ઉપર સ્થાયી કેળવણી ફંડ કાઢવાની યોજના કરી છે. તેમાં મહોટા પુરૂષો ફંડ ઉઘરાવવા ફરશે. પરંતુ પેટી આ લઇ ફંડની મદદ માટે અમો વિદ્યાર્થીઓને પણ માસ્તરે મોકલ્યા છે. તે પ્રમાણે મને પણ પેટી આપી છે. હું ફંડ ઉઘરાવવા ફરવાની શરૂઆત કરૂં તે પહેલાં આપના મુબારક હાથે શુકન થાય તેવી મારી નમ્ર વિનંતી છે. ગજવામાંથી સો રૂપીઆનું નોટ કાઢી પેટીમાં કાણા મારફતે નાંખી મશ્કરીમાં કહ્યું " અલ્યા છોકરા, ફંડ અને બંડ હું તો કહું છું તુંજ પૈસા ભેગા કરી હોઇયાં કરી જા. કોણ પૂછે છે ? " સરીતચંદ્ર કંઇ જવાબ આપ્યા વગર સલામ કરી ચાલતો થયો. જીવણ શેઠ વાળુ કરી હોકો પીવા બેઠા. છોકરાની વાત યાદ આવી. ' મશ્કરીમાં પણ મેં છોકરાને ખોટું કહ્યું " તેમ કહી બહુ પસ્તાવા લાગ્યા. તે વિચારે આખી રાત તેમના મનને પીડા આવી.

* * * * *

આ વાતને દશ વરસ થઇ ગયાં છે. જીવણલાલની પ્રતિષ્ઠાદિન પ્રતિદિન વધતી ગઇ. સરકાર દરબારમાં પણ તેમનું માન વધ્યું. જો કે તેઓ માન અકરામના આકાંક્ષી નહોતા, છતાં તેમની લાયકાતની કદર જાણી તેમને સરકારે જે. પી. અને ઓનરરી માજીસ્ટ્રેટની પદવી આપી. તેને ચાર મહીના થયા હશે તેઓ બીજા માજીસ્ટ્રેટ સાથે બેસતા હતા. તે પ્રમાણે આજે તેઓ બેઠા. સીરસ્તેદારે તહોમતદાર સરીતચંદ્રને બોલાવવા પોલીસને હુકમ આપ્યો. નામ સાંભળી જીવણલાલ ભડક્યા. તહોમતદાર પાંજરામાં આવ્યો.

શેઠની નજર તેના ઉપર પડી. તેજ સરીતચંદ્ર માલુમ પડયો. શેઠે સીરસ્તેદાર-ને પૂછયું શા તહોમત ઉપર તેને લાવવામાં આવ્યો છે. તેણે જવાબ આપ્યો ચોરીના ગુનાહનો આજે તેના ઉપર આરોપ છે. શેઠને વાત યાદ આવી. ચહેરો ફીક્કો પડી ગયો. પશ્ચાતાપની લાગણીથી ગળગળીત થયા. બોલવાને શબ્દ સરખો મોઢામાંથી નીકળી શકયો નહીં. ઘણી મુશ્કેલીથી તેમણે તહોમતદારને પૂછયું " તહોમતદાર ! બીજા માજીસ્ટ્રેટથી કામ ચલાવવા તારી ઇચ્છા છે ?" " ના સાહેબ કેસ આપજ ચલાવો " તહોમતદારે જવાબ આપ્યો. ટ્રાયલ ચાલી. જીવણલાલ આખો વખત શાન્ત રહ્યા. તેમનો ચહેરો ઉતરી ગયેલો હતો. પોલીસે સાબીત કર્યું કે તહોમતદારને પરથમ ચોરીના ગુનાહ માટે શીક્ષા થઇ હતી. કેસ પુરવાર થયો અને તહોમતદારને ચાર માસના સખત કેદખાનાની શીક્ષા થઇ.

× × × × × ×

તેજ દીવસની રાત્રે આઠ વાગે શેઠ જેલના મુકામમાં આવ્યા સરીતચંદ્રને માહારે મળવું છે તેવું તેમણે જેલરને જણાવ્યું. ઑનરરી માજીસ્ટ્રેટ અને પ્રતિષ્ઠિત એટલે સરીતચંદ્રની ઓરડી બતાવવા પોલીસને મોકલ્યો. ઓ-રડીમાં જીવણલાલ અને સરીતચંદ્ર બે હતા. સરીતચંદ્ર બેફીકરા ચહેરાથી બેઠો છે. શેઠ તેની સામે ઉભા રહી દુઃખી અંતઃકરણથી ઉભા રહ્યા છે. " અલ્યા સરીતચંદ્ર ! તારી સ્થિતિ આમ કયમ ?" શેઠે પૂછયું. " સાહેબ આપ મારા દુશ્મન છો. આપ ખુની છો. એક મનુષ્યનું આપે ખુન કર્યું છે તે મનુષ્ય હુંજ. મારી જીંદગી પાયમાલ થઇ ગઇ છે. મનુષ્ય જાતીમાંથી હું નીકળી ગયો છું. અને અધમમાં અધમ પ્રાણી કરતાં ખરાબ અવસ્થા-માં પડયો છું અને તેનું કારણ આપજ છો. તે દીવસે ફંડની પેટી આપની આગળ ધરી. આપે સો રૂપીઆનું નોટ નાખ્યું અને મને મશ્કરીમાં આપે પૈસા ખાઇ જવા કહ્યું. તેની અસર મારા ઉપર ઘણી થઇ. મારૂં ચીત્ત ભર-માઇ ગયું. દાનત બગડી અને પૈસા ખાઇ ગયો. પકડાયો નહીં અને પૈસા-થી મોજ શોખ મળી એટલે મન લલચાયું. બીજીવાર એક દુકાનદારના ઘરમાંથી ચોરી કરી પકડાઇ ગયો. બે માસની કેદની શીક્ષા થઈ. કેદમાંથી છુટયો એટલે માબાપે તિરસ્કાર કર્યો. ઘર ત્યાગ કર્યું. કોઇએ નોકરીમાં રાખ્યો નહીં. મોજ શોખ કરેલો એટલે મજુરી થઇ શકી નહી. એટલે ચોરીનો ધંધો કરવા માંડયો. ઘરમાંથી મને કાઢી મુકયો. સગાં વહાલાં ધી-ક્કારવા લાગ્યાં. ટુંકામાં દુનીયામાં એકલો રહ્યો. વખતો વખત ચોરીઓ

કરતો અને વખતો વખત કેદમાં જતો અને અત્યારે આ અધોગતિમાં તમો મને જુઓ છો. ચોરી અને કેદ તે મને વ્યસન જેવું થઈ ગયું છે. નિશાળના દીવસો સંભારૂં છું તો યાદ આવે છે કે નિશાળમાં મારી કાર્કીદી ચળકતી હતી. માસ્તરો મારા અભ્યાસથી ખુશી હતા. અને ભવિષ્યમાં નામ કાઢીશ તેવી તેઓ ભવિષ્ય વાણી કરતા. તે સર્વ નાશ થયું. મારાં માબાપે શરમ અને દીલગીરીથી કશાઇ દેહ ત્યાગ કર્યો. મારૂં મનુષ્યપણું નષ્ટ થયું અને હેવાનથી પણ બુરી હાલતમાં હું આવી પડયો છું. તે સર્વના અપરાધી આપ છો. **આપે મશ્કરીમાં પણ શબ્દથી બીજ રોપ્યું. મારાં અપકૃત્યો તેનાં ઝાડ થયાં અને આ મારી સ્થિતિ તેનું ફળ.** ખરેખર આપ મનુષ્ય હરણના ગુનેહગાર છો કારણ કે મારૂં મનુષ્યપણું આપે નષ્ટ કર્યું છે." પરથમથી પશ્ચાતાપવાળું અંતઃકરણ, એકાંત વાસ, અંધારી ઓરડીનો દેખાવ અને કેદીના વજ્ર સમાન અસહ્ય શબ્દો શેઠને માટે ભારે પડયા. પોતે શુન્ય થઇ ગયા. મન એ બાકળું બની ગયું, શરિરનો કાબુ મુકી દીધો અને શેઠ ધબ લઇ જમીન ઉપર પડયા. કેદી એકીટસથી જોઈ રહ્યો છે. બે મીનીટ પછી શેઠની આંખો ઉઘડી. આંખે અશ્રુની ધાર અસ્ખલિત રીતે વહ્યા જાય છે. ગદ્દ ગદ્દ અને કરૂણ અવાજે શેઠે જવાબ આપ્યો. "સરીતચંદ્ર! ખરેખર હું ગુનેહગાર છું. તેં કહ્યું તે શબ્દે શબ્દ સાચું. દુનીયામાં હું મોટો અપરાધી છું અને હું જીવવા લાયક નથી. હું માનું છું કે આ અપરાધમાંથી હું મુક્ત તો થઇ શકીશ નહીં પરંતુ તેમાંથી કંઇ મુક્તિ મળે તેવા હેતુથી હું તને વિનંતિ કરૂં છું કે કેદમાંથી છુટયા પછી તું મારે ઘેર રહેજે. પ્રમાણીકપણે જીંદગી ગુજારજે અને કારકુનનું કામ તું કરજે" "પ્રમાણીકપણું રહેવા બનતી કોશીશ તો કરીશ પરંતુ તમારા નોકરો તીરસ્કારથી મારૂં અપમાન કરશે તે મારાથી સહન થઇ શકશે નહીં" સરીતચંદ્રે કહ્યું. "નહીં સરીતચંદ્ર! તે માટે તારે જરા પણ ધાસ્તી રાખવી નહીં, મારા નોકર તો શું પરંતુ મારા કુટુંબના માણસો વગેરેને તાકીદ આપીશ કે તને માનથી બોલાવે અને તને ખરાબ લાગે તેવું જરાપણ કોઇ કંઇ બોલે નહીં." શેઠે શાન્તિથી જવાબ આપ્યો. "ભલે સાહેબ. આપની મહેરબાની. હું તે પ્રમાણે આપને ત્યાં રહીશ." કહી સરીતચંદ્રે શેઠના પગને ચુંબન કર્યું અને શેઠ શાન્ત મનથી વીદાય થયા.

× × × × ×

સરીતચંદ્ર કેદમાંથી છુટયો અને શેઠની ગુમાસ્તીમાં રહયો. શેઠના હુકમ પ્રમાણે તેમના ઘરનાં માણસ તથા ગુમાસ્તા તેને માનથી બોલાવવા લાગ્યા થોડો વખતતો તેણે કામ કર્યું.

પ્રેલ ચરૈલને નોકરીના બંધિજમાં રહેવું પસંદ પડવા ન માંડયું. વખતો વખત તેની હેવાનીયત ખાયશ ઉશ્કેરાય અને ઘણી વખત તે દાબી દેવામાં ફતેહમંદ થતો. એક વખત ભારે કીમતની ચલણી નોટો તીજોરીમાં મુકતાં શેઠને તેણે જોયા. તેનાથી ન રહેવાયું. પાડોશમાં ચોરીઓની બુમ ઉડતી. તેનો લાગ સારો છે ધારી તે અડધી રાત્રે ઉઠયો શેઠની ઓરડીમાં ગયો. તીજોરીની કુંચીઓ કબાટમાં શોધવા લાગ્યો. ખડખડાત થયો. શેઠ જાગ્યા દીવો લઈ શેઠ નીચે ઉતર્યાં અને જુએ છે તો સરીતચંદ્ર, શેઠ સ્તબ્ધ થઇ ગયા, અને ટગર ટગર જુએ છે એટલામાં સરીતચંદ્રે પોતાની પાસેનો છરો શેઠના પેટમાં ખોસ્યો. શેઠ નીચે પડયા. પેટમાંથી લોહી પાણીના ધોધની માફક વહેવા માંડયું. "સરીતચંદ્ર! આશું" શેઠે ઝીણા સ્વરે કહ્યું. સરીતચંદ્ર બાવરો બની ગયો. શેઠનો ઉપકાર સાંભરી આવ્યો. ડુસકાં ખાતાં રોઇ પડયો, અને શેઠને પગે પડી કહેવા લાગ્યો "સાહેબ, મેં પાપીષ્ટે ઘણુંજ ખોટું કર્યું. મારી જીંદગીના તારનાર અને મહાન્ પરોપકારી પુરૂષનો ભોગ મેં અભાગીએ લીધો. હાય! હું કયાં છુટીશ. મારી સદ્બુદ્ધિ કયાં જતી રહી! પરમાત્મા. મારી આવી અધમ મતિ કયમ થઇ ગઇ? શેઠ સાહેબ આપે મને નોકરી આપી. તે પ્રમાણીકપણે કરવા ઘણીજ કોશીશ કરતો હતો. પરંતુ પહેલાની પડી ગયેલી ટેવ મારૂં મન ડગવતું હતું. આપની નોટો મેં જોઇ તે ચોરવા મારૂં મન લલચાયું. ઓરડીમાં પેઠો અને આપ આવ્યા. એકદમ કંઇ વિચાર કર્યા વગર ક્રુર લાગણીએ મને પ્રેર્યો અને આ દુષ્ટ કૃત્યનો અપરાધી મને બનાવ્યો. હું ઘરવાળાંને બોલાવું છું અને દાક્તરને બોલાવી આપની રજા માગું છું, આપ આ ઘાથી ઉઠો તો મારી દરકાર કરતા નહીં, હું કોઇ જંગલમાં રખડી મારી જીંદગી પુરી કરીશ. આ શરીર આ વૈભવ લાયક નથી. તેના દુષ્ટ કૃત્યો માટે તેને સખ્ત શિક્ષા થવી જોઇએ." તેમ કહી તે ચાલવા માંડયો. શેઠે ઝીણા સ્વરથી તેને કહ્યું "સબુર જા નહીં. જે મને થયું છે તેને માટે હું યોગ્યજ હતો. મેં તારી જીંદગી ખરાબ કરી તે મહાન્ અપરાધની શિક્ષા હજુ મને બરાબર થઇ નથી. તું નિરપરાધી છે. મારા અને તારા ઇષ્ટ દેવના સોગન આપી તને કહું છું કે દશ મીનીટ સુધી તું ચુપકીથી બેશી રહે. દશ મીનીટ થયા બાદ છરો બ-

ગીચાના છેડે ઝાડ છે તેના મુળમાં ખોદી ઘાલજે. ત્યારબાદ તારે જે કરવું હોય તે કરજે. " સરીતચંદ્ર નાસી પાસ થઇ ગયો. તેના શરીરમાંથી પરસેવો છુટવા માંડયો. છાતી ધબકારાથી ધડકવા લાગી. આંખે અંધારાં આવ્યાં. યમ મને ભારે શિક્ષા કરશે તેવી કલ્પનાથી વિક્રાળ દેખાવો તેના માનસીક દ્રષ્ટિ આગળ ખડા થવા લાગ્યા. શરીરનું ભાન રહ્યું નહીં. સાંચાની માફક તેનું શરીર આરામ ખુરશી ઉપર પડયું. પરંતુ શેઠનો હુકમ તેની ચક્ષુ આગળથી ખસ્યો નહોતો. તેને માન આપી ઘડીયાળ ઉપર તેણે નજર ટેકાવી. દશ મીનીટ થઇ ઉઠયો. છરો સંતાડયો પાછો ઓરડીમાં આવ્યો. મોટેથી બુમ પાડી " હાય ! આ શો ગજબ થઇ ગયો " લોકો જાગ્યા. ઘરનાં માણસ અને નોકરો ત્યાં આવ્યાં. જુએ છે તો શેઠ જમીન ઉપર બેભાન અવસ્થામાં પડયા છે અને તેમની પાસે લોહીનું ખાબોચીઉં ભરાયું છે. ભલા શેઠનું હૃદય ફાટે તેવી સ્થિતિ જોઇ લોકો આકળવીકળ થઈ ગયા. ઘરમાં રોકકળ ચાલી અને હાહાકાર વર્તાઇ રહ્યો. સરીતચંદ્ર એકદમ કુટુંબના દાક્તર મી. જ્ઞાનચંદ્ર ને ત્યાં ગયો. દાક્તરને ઉઠાડયો. હકીકતથી વાકેફ કર્યાં. શેઠ સંબંધી ગંભીર સમાચાર સાંભળી દાક્તર ગભરાઇ ગયો. ત્વરાથી કપડાં પહેરી, જરૂરીયાતનાં હથીયાર બેગમાં મુકી શેઠના ઘેરે સરીતચંદ્ર સાથે આવ્યો. ઘરમાં પેંઠા ઘરમાં કલ્લા હોલ થઇ રહ્યો હતો. તે તેના આવ્યાથી શાન્ત થયો. શેઠ પડયા હતા ત્યાં ધ્રુજતી છાતીથી ડાકતર આવ્યો. શેઠના ઉઘડેલા ચક્ષુના ડોળા તરફ નજર કરતાં, દાક્તરથી રહેવાયું નહીં, છાતી ભરાઈ આવી અને આંખોમાંથી ખરખર અશ્રુ વહેવા લાગ્યાં. પોતાની ફરજ તરફ ખ્યાલ લાવતાં તેણે હીંમત લાવી અશ્રુ લુસી નાંખી, શેઠની નાડ હાથમાં લીધી. અડધી મીનીટમાં શેઠનું કાંડું છોડી દઇ, ગદ્‌ગદ્ કંઠે પાસે ઉભેલાં મનુષ્ય તરફ જોઇ કહ્યું " શેઠના શરીરમાંથી લોહી ઘણું વહી ગયું છે. ફક્ત દશ મીનીટ પહેલાં મને બોલાવ્યો હોત તો, શેઠની જીંદગી નિર્ભય હતી. હવે—કહી પાસેની આરામખુરશીમાં પોતાના શરીરને નાંખી દીધું. અરેરે પરોપકારી શેઠ ! સરીતચંદ્રને ગુનાહની શીક્ષામાંથી બચાવવાના હેતુથી દશ મીનીટ સુધી થોભવાનું કહ્યું ન હોતતો, તારી જીંદગીનો અંત ન આવત. પર ઉપકાર માટે તેં તારી જીંદગીનો ભોગ આપ્યો. ધન્ય છે તારા આત્મ ભોગને.

× × × × ×

આ વાતને એક વરસ થઈ ગયું છે. સરીતચંદ્ર પોતાના શેઠના છોકરાની નોકરીમાં છે. સારો ખોરાક, સારો પોષાક અને રમત ગમત તેણે હમેશને માટે ત્યાગ કર્યું હતું. આખો વખત ગમગીનીમાં ગાળતો, અને બહાર ભાગ્યેજ નીકળતો. એક દીવસે તેને પુર જોસથી એકદમ તાવ આવ્યો. શેઠના ઘરવાળાંએ ઘણાય ઉપચાર કર્યાં પરંતુ તાવ ઉતર્યો નહીં. શરીર લથડી ગયું. પથારીમાંથી ઉઠવાને પણ અશક્ત થઈ ગયો. પોતાના શેઠના છોકરાને પાસે બોલાવ્યો. તેની કોટે બાઝી પડયો અને ડુંસકાં ખાતાં તેણે કહ્યું " શેઠજી મને માફ કરો આપના પિતાનો ખૂની હું છું. આ દુષ્ટ તે દયાળુ પુરૂષની જીંદગીનો અંત લાવ્યો. આના જેવો કૃતઘ્ની કોણ હશે ? શેઠ સાહેબ ક્ષમા માટે તો હું લાયક નથી. પરંતુ આપને આજીજી કરી વિનંતી કરૂં છું કે મને ક્ષમા કરો " શેઠના છોકરાએ માન્યું નહીં. પરંતુ સરીતચંદ્રે અથથી તે ઈતી સુધી હકીકત કહી. અને મોટેથી રડવા લાગ્યો. શેઠના છોકરાએ તેને શાન્ત કર્યો. દીલાસો આપ્યો અને કહ્યું " નિર્માણ હતું તે થયું છે. હવે તારા આત્માને શાન્તી આપવા તારે કંઈ જરૂર હોયતો મને કહે " " મારે બીજી કંઇ જરૂર નથી. શાન્તિસાગર માહારાજને બોલાવો. મારો જીવ હશે ત્યાં સુધી તેમનાં હીત વચનો સાંભળી મારા કરેલ કૃત્યોના અપરાધમાંથી કંઇક મુક્તી મેળવીશ. તે પ્રમાણે ગોઠવણ કરવામાં આવી. તેજ દીવસે સાંજરે સરીતચંદ્રે કાળ કર્યો અને આ પ્રમાણે મશ્કરીમાં પણ માઠા શબ્દ કહેવાને પરિણામે બે જીંદગીનો **નાશ** થયો.

ઉપરની વાર્તાથી ચોખ્ખુ માલુમ પડશે કે ગમે તે શબ્દ આપણે કાઢીએ તેની અસર થયા વગર રહેતી નથી. તેથી માબાપે પોતાના બચ્ચાંને સુધારાવાં હોય તો, ઘરમાં એવાં વચન કંઇ ઉચ્ચારવાં નહીં જોઇએ કે તેની માઠી અસર બચ્ચાં ઉપર થાય. નાનાં બચ્ચાં હજુ રમતાં હોય તેવે પ્રસંગ મૂર્ખ માબાપો લાડમાં છોકરાંને કહે છે તને અહીં પરણાવીશું, તારી વહુ આવી કરીશું. તારી સાસુ ખરાબ છે. વીગેરે વીગેરે લગ્ન સંબંધી વિચારો બચ્ચાંનાં કુમળાં મગજ આગળ લાવે છે. અને તેની અસર આગળ ઘણી ખરાબ નીકળે છે. બચ્ચાંને જેમ બને તેમ ખરાબ ( અનિતિવાન ) વાતાવરણમાંથી અલગ રાખવાં જોઇએ અને તેવાજ હેતુથી પહેલાં વિદ્યા લાયક થાય એટલે છોકરાંઓને ઘેર ન રાખતાં ગુરૂ પાસે ભણવા મોકલી દેતા અને તેજ મુજબ વિલાયતમાં છોકરૂં પાંચ છ વરસનું થાય એટલે તેને હૉસ્ટેલમાં મુકી દેવામાં આવે છે. જ્યાં તે હીંમત, સ્વદેશાભિમાન, નિતિ, મનોબળ,

અને શરીર બળને કેળવીશકે. તેવીજ રીતે હાલ હિંદુસ્તાનમાં બોર્ડીંગો સ્થાપવામાં આવી છે. પરંતુ કમનશીબે લોકોનું ધ્યાન તેના ઉપર જોઇએ તેટલું ખેંચાતું નહીં હોવાથી જોઇએ તેવાં સાધનના અભાવે બોર્ડીંગમાં જોઇએ તે પ્રમાણે અને તેવા પાયા ઉપર સવડો થઇ શકિત નથી.

---

# शुं ? कीडीयो आटलुं ज्ञान धरावे छे !

( મધુકર. )

ગુજરાતીના નવીન વર્ષના સાહિત્ય અંક તરફ દૃષ્ટિ દેતાં માંડલે રહેતા એક જંતુ શાસ્ત્રીના " ગેબી ત્રિયારાજ, નામના એક વિચારણીય લેખે નીચેના વિચારોમાં ગરકાવ કીધો.

શું ? સ્ત્રિયો પણ છુપું રાજ્ય ચલાવી શકે છે ? અને તે પણ ખામી વીનાનું વળી પુરૂષો કરતાં શ્રેષ્ટ ? હા કરી શકે છે અને તે પણ મનુષ્ય સ્ત્રિઓ નહી પણ જંતુ સ્ત્રિઓ. અહા ! આતે નવાઇ ! કે ગપગોળો ? વાંચકો, આ બીના તદન સત્ય છે. જરાપણ તેમાં અતિશયોક્તિ નથી. કેમકે સારા બંધારણથી શું ન બની શકે ? સંપથી શું ન બની શકે ? અરસ પરસ ઉપગાર કરવાની તીવ્ર ઇચ્છાથી શું ન બની શકે ? ત્રણમાંના એક એક પ્રકારથી આખી દુનીઆ હાલી શકે તો પછી જ્યાં ત્રણે હોય ત્યાં પછે. જાતીનો સવાલ શામાટે રહે ? નાના મોટા પુદ્‌ગલનો સવાલ શામાટે રહે ? મનુષ્ય, પશુ, પંખી, કે જંતુનો ભેદ શામાટે રહે ? મુદ્દલ રહેજ નહી. કીડીઓ જેવી જંતુની જાત કે જેનું કદ ઘણું શુક્ષ્મ છે, જ્ઞાન શક્તિ મનુષ્ય જેટલી ખીલવાનાં સાધનો ધરાવતી નથી, છતાં પણ એક સંપના મુખ્ય ગુણે કરી પોતાની આખી જાતીનું સંરક્ષણ કરે છે આશું થોડું આશ્ચર્ય છે ? મનુષ્યોને, અરે ! ભાષાઓ ભણી પંડીતો કહેવાતાઓને પણ કીડીઓના આ ઉત્તમ ગુણો સદ્‌બુદ્ધિ પ્રેરક નહિ બને ? જ્યાં સુધી **સંપ** ગુણ, **પરોપકાર** ગુણ, મનુષ્યોમાં દાખલ નથી થયો ત્યાં સુધી મનુષ્યો ભલે પોતાને મનુષ્ય માને પણ કીડીયોના દ્રષ્ટાંતે વિચારવાન મનુષ્ય ના કબુલ કરશે.

" જંતુ સાસ્ત્રી એ, આ બે મુદ્દા ઉપરાંત રાજય તંત્રના બંધારણની ઉત્તમ ખુબી કેવી હોય અને તે માટે કીડીઓ શું કરે છે તે, પોતે જંતુસાસ્ત્રી હોવાથી કીડીઓના પ્રદેશો નીહાળી કંઇક ખરો અનુભવ મેળવી લખ્યું હોય એમ તે લેખ આખો વાંચતાં પ્રતિતી થાય છે. બંધારણની ઉ-

જ્ઞાશા વાલાઓને તે આખો લેખ વાંચવા ભલામણ કરી, નીચેની થોડીક લીટીઓ ઉપર વાંચકોનું ખાસ ધ્યાન ખેંચુંછું કેમકે આ સ્થાને આ લેખનો ઉદ્દેશ, તે લીટીઓમાં રહેલો સંપ ગુણ અને અરસપરસ સહાયક ગુણને આપણામાં પ્રગટ કરવાનો છે કે જેની ખામીના લીધે આપણી જૈન સમાજ છિન્ન ભિન્ન દશા અનુભવે છે અને દુનીઆમાં બીજી પ્રજા કરતાં આગળ વધે તેવા ધર્મ તત્વો અને ત્યાગી વૈરાગી સાધુઓ છતાં વિચાર બળની ખામીને લઇ, ગુણાનુંરાગ અને માધ્યસ્થતાને દેશવટો દેવાયાથી પાછલને પાછળ રહેતી જણાય છે. શું આપણે ચાલુ દશામાંથી ઉંચે નહી આવીએ ? અલબત પ્રયત્નથી આવીશું, પણ જેટલી આળશ તેટલી વધુવાર લાગશે માટે બંધુઓ, જાગ્રત થાઓ ! જાગ્રત થાઓ ! અને સ્વશક્તિ અને સ્વાધિકાર તપાસી તેનો યોગ્ય સદુપયોગ કરો. જંતુની જાતમાં પણ આત્મબળ કેટલું છે તે તપાસો. કીડીનો એક ચટકો મનુષ્ય ખમી શકતો નથી સંપે પોતાના કુટુંબો અને આખી " કીડી સમાજ " નું પોષણ થાય છે તેનું વર્ણન વાંચો, અને તેમાંનું સારૂ લાગે તે ગ્રહણ કરો.

મિથ્યા અભિમાની માનવિ ! તારા પગ નિચે તું જે અલ્પ પ્રાણીને ઘણી વાર ચગદી નાંખે છે અને ઘણીવાર તેની ચીડનો ચટકો પણ અનુભવે છે તે તરફ બારીકીથી જો-કાંઇ શીખવાનું મળે છે ? જો તેનો વેગ, જો તેની ચંચળતા, અટકાવીશ નહી-તેના વેગ સાથ તારી નજર દોડાવ; જો સામેથી બીજી કીડી આવી-બેનો પરસ્પર સમાગમ ધ્યાનમાં રાખ. અકેકના મ્હોં નજીક લાવી તેમના માથાપર વાળરૂપે બે સાંધાવાળાં ઝીણાં અવયવો ( antennae or feelers ) છે તે અકેકને અડકાડી હલાવે છે. એ શું સુચવે છે ? પરસ્પર કાંઇ વાત-કીડીઓ એવી રીતે વાતો કરે છે યા તો કોઈ સંજ્ઞાથી અકેકને સમજાવે છે. એક કીડી કોઇ સ્થળે કાંઈ ખાવાની વસ્તુ જોઈ આવી પોતાને સ્થાને સાથે વસતી બીજી કીડીઓને ખબર આપવા હર્ષભેર દોડી આવતી હતી. એટલામાં એક સાથી મળતાં તેને તે વસ્તુ અને જગ્યાની ખબર આપી અન્યને ખબર પહોંચાડવા પોતાના દર તરફ જવા માંડયું. દર આગળ આવી, અંદર પણ પ્રવેશી. જે કીડીને માર્ગમાં ખબર મળી છે તેની પુઠે જઇશું. તે જ્યાં ખાવાની વસ્તુ પડી છે ત્યાં જઈ તેને ખેંચવાનો મિથ્યા પ્રયાસ કરતી જણાય છે, કારણ કે તે વસ્તુ તેના શરીર કરતાં કાંઇ પચાસ સાઠ ગણી મોટી છે. કાંઈ મુએલું અન્ય જંતુ છે. એટલામાં તો અસંખ્ય કીડીની હાર દર આગળથી તે વસ્તુ સુધી લાગી ગઈ, ખેંચવાનો પ્રયાસ એકસંપે જારી થયો. વસ્તુ મોટી છતાં, આમ તેમ ગબડાવતી, ઘડીકમાં તેની ઉપર યતી નિંચે જતી, સપાટાબંધ દરને નાકે ખેંચી લાવી, આમ તેમ ફેરવી, આખરે અંદર ઘસડી ગઇ. વાહ ક્ષુદ્રપ્રાણી ! પેટને ખાતર **તારા જેવું મોટું મન અને સંપ મનુષ્યમાં ભાગ્યેજ જોવામાં આવે છે.** મનુષ્ય પોતાને લાભ થતો હશે તો ગુપચુપ સમાળી બેસી રહેશે; પોતાનામાંથી

લાગતા વળગતા કે સ્નેહી સંબંધીનેજ આપવાનું બાજુએ રહ્યું, પણ જો પોતાના સિવાયને અન્ય લાભ થતો જણાશે તો આંખમાં રાઈ મીઠાં પડવા માંડશે. તેને તે લાભ થતો અટકે કે તેનું વધુ બુરૂ થાય તેને માટે યુક્તિ પ્રયુક્તિ શરૂ કરશે.સ્વાર્થ બુદ્ધિનો અમલ અહીં તો ચાલે છે. કલેશ પોતાનું બળ છિન્ન ભિન્ન કરવામાં પુરૂં ચલાવે છે. આ ક્ષુદ્ર કીડી પોતાનું પેટ ભર્યું ન ભર્યું કે કોઇ ઉંચ કાર્યમાં પોતાની જીન્દગીનો ભોગ આપી રહી છે.

આ ઉપરથી–મનુષ્યોની સ્વાર્થ દશા, પરસ્પર ઉપગાર તો રહ્યો પણ, ઈર્ષાની લાગણી અને તેથી ઉલટું કીડીઓમાં પ્રેમભાવ, પરમાર્થતા, સુસંપ, સહાયતા, આદી માટે વાંચકો તમે જે વીચાર બંધાય તે બાંધજો અને–તેવા ગુણી થજો. કર્મયોગે તે સ્થિતિ પ્રાપ્ત ન થાય તો ત્યાં સુધી ઘઉમાં કાંકરા ની માફક થોડા પણ મનુષ્યો પોતાની કે પરજાતમાં, પોતાના કે પરધર્મમાં હોય તેના આડે આવશો નહી. તેના ગુણાનુરાગ ગાજો અને સહાયક થજો. આમ કરવાથી તે તે ગુણો ધીમે ધીમે તમારી અંદર દાખલ થશે. લેખક પ્રચ્છે છે કે ગમે તે કારણે પણ હાલમાં જૈનસમાજમાં જે કુસંપ જણાય છે તે શાન્ત થાઓ અને આપણા બંધુઓ ભુખે મરતા હોય, જ્ઞાન વીના ભવે ભવ રખડતા હોય તેઓને કીડીઓની માફક મદદ કરો, કરાવો અને આખી જૈનસમાજ સંપે કરી સુખી છે એમ બતાવો. યાદ રાખશો કે દુષ-કાળ પ્રસંગને લઇ પશુઓના વકીલો જેમ બનાય છે, બન્યા છે, તે માફક બળ કે તેથી અધીકપણે આપણા આશ્રિત બાળકોના વકીલો બનવા જરૂર છે. મનુષ્યો વીના અન્ય ચીજો કોણ સંભાળશે ? ધર્મ બંધુઓ વીના ધર્મ કોણ ટકાવશે ? સુજ્ઞો શું આ વાક્યોનો મર્મ નહી જાણે, જાણશેજ અને પોતાની નજર પાસે, મદદ વીના કરમાતા ખાતાને મદદ કરવા અને કરાવવા જરા પણ વીલંબ કરશે નહી, જ્યાં સુધી કયા ક્ષેત્રને વધુ મદદની જરૂર છે તે જોવાશે નહી અને જેમાં મારૂં એવો શબ્દ આરોપીત ન થયો હોય તે છતાં વિશાળ દૃષ્ટિથી ઉપયોગીતા પ્રમાણે સહાય કરવાનો મનુષ્ય ધર્મ છે તે સમ-જાશે નહી ત્યાં સુધી સામાજીક ઉન્નતિ નજીક આવશે નહી એ ભવિષ્ય વાણી કાયમ રહેવાની, અને ત્યાં સુધી જૈનો ઉંઘતાજ ગણાવાના.

" કીડી પણ સંગ્રહ કરે જુઓ [1]જનાવર જાત,
વશે દરે સંપે સદા, સર્વે મળી સંઘાત "
( કવી દલપતરામ. )

" ઝાઝી કીડીઓ સાપને તાણે "

---

૧. કીડી જનાવરની જાત ગણાય કે જંતુની જાત તેનો નીર્ણય તેના જાણકારો કરશે આપણે તો સાર ગ્રહણ કરવાનો છે.

આ ત્રણ લીટીઓમાં સમાસ અર્થ મહોળો છે અને તે ઘણાઓ ભણી ગયા છે, જાણે છે છતાં સમય આવે ભુલી જાય છે તેજ ખેદ છે. એ ખેદ દુર થાઓ એમ દરેકે પ્રયત્નો કરવા જરૂરી છે.

---

# ગૃહસ્થાશ્રમ શાથી ઉત્તમ શોભી શકે

( લેખક. શેઠ. જેશીંગભાઈ પ્રેમાભાઇ મુ. કપડવણજ. )

મનુષ્યોમાંનો મોટો ભાગ આ વિષયનો અભ્યાસ કરતો હોતો નથી અને આની અગત્યતાની સમજ દરેકની બુદ્ધિ ઉપર આધાર રાખે છે. દરેક બુદ્ધિવાન ગણાતા પુરૂષો આ વિષયની અગત્યતા સ્વીકારશે. આ પ્રસ્તુત વિષય ઉપર લખવાને અંતર ઉર્મી ઉછાળા મારવાથી આ સંબંધ લેખ લખવાનું શરૂ કરૂં છું, વળી વિષય પણ ઘણોજ અગત્યનો છે. દરેકનો ગૃહસ્થાશ્રમ જો સદા સુખમાં નિર્ગમન થતો હોય તો તે મનુષ્યો બીજાં પણ અત્યંત ઉપયોગી કામ કરી શકે માટે તે ઉત્તમ કરવાના ઉપાયો દરેક મનુષ્યને પ્રથમ અગત્યતા ધરાવનારા છે. **ગૃહસ્થાશ્રમને ઉત્તમ કરવામાં પ્રથમ દરેક મનુષ્યે એટલે કે સ્ત્રી વા પુરૂષને સદ્ગુણી થવાની અગત્યતા છે.** ચારિત્ર મનુષ્યની મોટામાં મોટી શક્તિ છે. ગમે તો મનુષ્ય વેપારી હોય, લેખક હોય, ધનાઢ્ય હોય, અથવા તે વિદ્યાર્થી હોય પણ જો તેનું વર્તન સારૂં ન હોય તો તે મનુષ્ય આ સંસાર ઉપર નકામો આથડે છે, એમ કહીએ તેમાં કાંઇ અતિશયોક્તિ નથી અને તેથીજ તેવા વિચારો આપણને સૂઝે છે. જો તમોને દૈવી સંપત્તિની વા દૈવી સુખની અભિલાષા હોય તો તમારે તમારૂં વર્તન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બનાવવું જોઇએ. વર્તન ઉપર બોલતાં અંગ્રેજ કવી બર્ક લખે છે કે—

Burke has truly said that "The human system which rests far its bases on the heroic virtues is suro to have a superstructure weakness of profligacy."

વળી આગળ ચાલતાં આપણે જેટલે ઉંચે ચઢવું હોય તેટલે ઉંચે ચઢી શકીએ છીએ. તેના સાધનો માટે પણ ચારિત્ર ઉંચામાં ઉંચુ હોવું જોઇએ. આંતરીક વર્તન સાથે બાહ્ય વર્તન પણ સારૂં જોઇએ કારણ કે

ઉપર કહી ગયો છું તેમજ જેવું વર્તન તેવુંજ આપણું ધ્યાન થઇ રહે છે અને આગળ વધતાં આપણે અટકી જઇએ છીએ માટેજ શુભ આચરણ દરેક મનુષ્યને અગત્યનું છે. મનુષ્ય ગૃહસ્થને લાયક તેના ઉત્તમ ખવાસથી એટલે કે વર્તનથીજ થઇ શકે છે નહી કે પૈસાથી, બુદ્ધિમાનો પૈસાદાર વર્ગને ગૃહસ્થ કરી તેમની મશ્કરી કરે છે. જો ખરેખર તે મનુષ્યમાં ઉત્તમ લક્ષણ હોતાં નથી એટલે કે આજકાલના જે કેટલાક મુર્ખા શેઠીયાઓ સદ્‌વર્તન, મહેનત અને ઉદ્યોગની અગત્યતા ધારતા નથી અને એશ આરામ ભોગવે છે તેઓ તો વડીલોપાર્જીત દ્રવ્ય વડે આનંદ ભોગવવામાં સમજે છે. પણ આજની કેળવાયલી ન્યાતો તેવા મનુષ્યોને શેઠ તરીકે નથી સ્વીકારતી પણ મુર્ખના સરદાર તરીખે સ્વીકારશે. જાત મહેનત કરી, ઉત્તમ વર્તન રાખીનેજ ગૃહસ્થ લાયક થવાની જરૂર છે નહી કે બાપના પૈસાથી એશઆરામ ભોગવવો.

**બીજું લક્ષણ દરેક મનુષ્યે પ્રમાણીક થવાની જરૂર છે.** કારણ કે જો તે મનુષ્ય પ્રમાણીક નથી હોતો તો તેનો ઉદ્યોગ સારી રીતે ચાલી શકતો નથી કારણ કે તેની આબરૂ સારી બંધાતીજ નથી. દાખલા તરીકે આજ મીલ ઉદ્યોગનો જે ધંધો વધી પડ્યો છે તેમાં અમુક મીલ સારૂં કમાય છે અને અમુક મીલ પેદા કરતી નથી ને ગુમાવે છે. આના કારણને માટે જો દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરીશું તો તરતજ સમજાશે કે જે મીલ સારૂં કમાય છે તેનો એજંટ પ્રમાણીક હોય છે અને જે મીલ દેવાળું કાઢે છે તેનો એજંટ અપ્રમાણીક હોય છે. ગ્રહસ્થાશ્રમ ખીલવનારે પ્રમાણિક થવાની ખાસ જરૂર છે.

**હવે ત્રીજું લક્ષણ એ છે કે દરેક મનુષ્યે સ્વત્વ સ્થાપન કરવું જોઇએ.** સ્વત્વ એટલે પોતાનામાં પોતાપણું એટલે કે પોતાની વૃત્તિઓને અનુસરીને વર્તવાનું સામર્થ્ય, પોતાના વીચાર પ્રમાણે વર્તન અને પોતાની ઇચ્છા પ્રમાણે જીવનનો નિર્વાહ વીગેરે કરવો. આ ગુણથીજ પૂર્વે એટલે પચાશ વર્ષ પહેલાં આપણે જે જાપાનને ઓળખતા નહોતા તે અત્યારે કેટલી ઉચ્ચાઇએ જઇ શક્યું છે.

પૂર્વે આપણો ભારત વર્ષ જે ઉચ્ચ સ્થીતિ ભોગવતો હતો તે આ ગુણને લઇનેજ. જેટલે જેટલે અંશે આ ગુણ આપણામાંથી ઓછો થતો ગયો તેટલે તેટલે અંશે આપણી પડતી આવતી ગઇ અને પાયમાલ થતા ગયા. આજે વીલાયતની પ્રજા તે ગુણનું કેટલું પાલન કરે છે તે નીચેના દૃષ્ટાંતથી સહજ સ્પષ્ટ થશે.

વિલાયતના એક સ્ટેશને વાસમસતિ આગગાડી આવે છે. ઉતારૂઓ પોતાની બેઠક લે છે અને એક સ્ત્રીને મોડું થાય છે તે સ્ત્રી દાખલ થવાને પ્રયત્ન કરે છે. તે પ્રમાણે કરતાં સ્ટેશન વાળાઓ તેને અટકાવે છે. તરતજ તે પૂછે છે કે મને અટકાવનાર કોણ ? જવાબ મળે છે કે બાઇ આપનો જીવ જોખમમાં હતો તેથી આપને લગાર અડચણ થઇ હશે પણ રોકવાં પડયાં છે તો તે માફ કરશો. આમ છતાં ઉપર કર્યા સંબંધી છાપાઓમાં ચર્ચા કરે છે અને તેથી આનોજ સર્વત્ર ઘોષ થઈ રહે છે. કંપની તો કાંઇ રદીઓ આપી શકતી નથી. હવે આપના તરફ વળો તો જણાશે કે આપણામાંના કોઇ પુરૂષને આવું થશે તો તે વીચાર કરશે કે હવે " ધક્કો માર્યો તો ધૂળ ઉડી ગઇ " આવો વીચાર કરી બેસી રહેશે ત્યારે ત્યાંની પ્રજાની સ્ત્રી પોતાનું સત્વ સ્થાપન કરવા વાસ્તે આટલું કરશે. આ ગુણથી આ-આટલું કરી શકે છે. માટે જો ઉચ્ચ સ્થીતિએ પહોંચવું હોય તો આવા ગુણો લાવવાની અગત્યતા છે.

**વળી ચોથું દરેક મનુષ્યે સ્વાશ્રયી થવાની જરૂર છે.** સ્વાશ્રય એટલે કે પોતાના બળમાં વીશ્વાસ. જે મનુષ્યો પોતાના બળ ઉપરજ ઝઝુમે છે તેવાઓને દેવતા પણ સહાય આપે છે. જેને પોતાના બળમાં વીશ્વાષ નથી તેવા મનુષ્યો રણમાં સામી છાતીએ લડતા નથી અને કદી પણ મહાન્ કાર્ય કરી શકતા નથી. આ ગુણથીજ આજે વીલાયતની પ્રજા ચઢતીના શીખરે ચઢેલી છે. અજાણતાં એક મનુષ્યનો પગ ખાડામાં પડે છે અને તેથી મચકોડાઇ જાય છે અને તે મનુષ્ય જમીન ઉપર પડી જાય છે. પછી બીજો મનુષ્ય તેને ઉઠાડવા પ્રયત્ન કરતો નથી પણ તેના સામું જોઇ ઉભો થઇ રહે છે. આપણને એમ થશે કે આતે કેવી કઠોરતા ? દુઃખી મનુષ્ય આગળ હાથ બીડી ઉભા રહેવું કે તેને મદદ કરવી ? પણ નહી ત્યાંની વ્યક્તીના વીચારો જુદા પ્રકારના છે. તેઓ તો એમજ પ્રરૂપે છે કે **દુઃખીતના પણ બે ભેદ હોય છે. સાધારણ પડી જવાથી કળ ચઢવી તે પણ દુઃખ છે અને રણક્ષેત્રમાં દારૂ ગોળાથી વક્ષસ્થળ ચીરાઇ જવાથી થતું દુઃખ તે પણ દુઃખ છે.** પ્રથમ દુઃખમાં મનુષ્યની ક્ષણીક નીરાધાર સ્થીતિ થાય છે અને બીજા પ્રકારના દુઃખમાં તે પરાધીન બની રહે છે. આવા વીચાર વાળો બીજો મનુષ્ય તેના સામો ઉભો રહે તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. સ્હેજવાર પછી પેલો મનુષ્ય પાછો ઉઠી બેઠો થાય છે. બીજાને તેને પંપાળવાની કે દવા દારૂ કરવાની જરૂર રહેતી નથી અને નકા-

મું ધાંધલ કરતો નથી ઇજા કેવા પ્રકારની છે તેવું જોવાને બીજો મનુષ્ય સમીપ ઉભો થઇ રહે છે. તેણે જો ધાંધલ કરી મુકી હોત તો પેલો મનુષ્ય પ્રસન્ન થઇ રહેત નહી પણ અપમાન માનત. આપણામાં જો કોઇને આવા પ્રકારનું થયું હોય તો પાસે રહેનાર મનુષ્ય તરતજ ધમાલ કરી મુકે છે. પેલો મનુષ્ય જ્યારે પોતાની મુળ સ્થીતિએ આવે છે ત્યારે તરતજ એમજ કહે છે કે "ભાઇ સારૂં થયું કે પરમેશ્વરે તમને મોકલ્યા નહીં તો મારૂં તો આવીજ બન્યું હતું." આ ઉપરથી સહજ સ્પષ્ટ થાય કે તેઓ કેટલા સ્વાશ્રયી હોય છે. આવોજ સ્વાશ્રય ઉદ્યોગમાં રાખવાથી આપણે વધારે સારી રીતે કમાઈ શકીએ છીએ. આપણું કામ જો આપણે બીજાને ભળાવી દઈ નીરાંતથી બેસી એશઆરામ ભોગવીએ તો પછી આપણી ઉન્નતિ કયાંથી સંભવે! આપણું કામ આપણે જાતે કરવું જોઇએ. વળી આપણા મનમાં એમ હોય કે આ તો કામ ઘણુંજ કઠીણ છે, આવું કામ તો આપણાથી થઇ શકે નહી, આવો વીચાર એટલે કે આપણા પોતાના બળમાં આપણને અણવિશ્વાસ હોય તો પછી તે કામ બની શકેજ નહી; પણ આપણા મનમાં એમજ ઠસાવવું જોઇએ કે હું ગમે તે કરવાને શક્તિવાન છું. ઇંગ્રેજ કવી કહે છે કે "A man can do everything."

(અપૂર્ણ.)

---

# दयानुं दान के देवकुमार.

(ગતાંકથી ચાલુ.)

"તેથી શુ." સ્વરૂપાએ પુનઃ પુછ્યું.

"તે વીંટી લઇ કોઈ પરિચારકને પ્રિય કુમાર પાસે મોકલવો ને કહેવરાવવું કે કુમારશ્રી આજ ફરવા નહિ જતાં, આપને અગત્યના કામ પ્રસંગે મુલાકાતે બોલાવે છે. જેની એંધાણીમાં આ વીંટી દર્શાવવી." નવેલિકાએ કહ્યું.

"પણ કદાચ દેવકુમાર ઘેર મોડો આવે ને તુરત પ્રિય કુમાર ચાલ્યો જાય તો? તેનું કેમ?" સ્વરૂપાએ પ્રશ્ન પુછ્યો.

"કદિ દેવકુમાર મોડો આવેજ નહિ. તે પ્રિયકુમારને ઘેર ખબર કહાડશે ને ત્યાં તે નહિ હોય કે તુરતજ પાછો ઘેર આવશે." નવેલિકાએ કહ્યું.

"પણ આથી કંઇ દેવકુમાર જેવો સજ્જન પોતાના મિત્ર સંબંધે વહેમાય એ બનવું અશક્ય છે."

"આપ જેને અશક્ય માનો છો તેને હું શક્ય માનું છું. વળી વધારે માં આપણે મખજીને દેવકુમાર જોડે રાખીશું. ખરૂં પૂછાવો તો અત્યારે દેવકુમારને પ્રિયકુમાર કરતાં પણ મખજીમાં વધારે વિશ્વાસ છે." નવેલિકાએ કહ્યું.

"નવેલિકા ખરેખર તારૂં ચાપલ્ય તો ઑરજ છે. જો આમ બને ને તેમાં ફતેહ પમાય તો તુંજ મ્હારો પ્રભુ." સ્વરૂપાએ કહ્યું.

"બા સાહેબ! ત્યારે હવે વિચારવાનો સમય નથી. આજજ આ કામ પાર પડવું જોઇએ ને તે સાંજ સુધીમાંજ કારણ કે કાલ તો રાજાજી હુકમ ફરમાવી દેશે."

"ભલે."

"ત્યારે હવે મારૂં કંઇ કામ છે? હું જાઉં છું."

"જા. પણ જોજે યુક્તિ પૂર્વક કામ કરવું કે ફુટફાટ ન થાય." સ્વરૂપાએ સૂચના કરી.

"મારા કામમાં કોઇ દિવસ વાંધો આવેજ નહિ." નવેલિકા ગઇ.

\+ + + +

વાંચક! આ પ્રપંચ જાળ હવે ઝાઝો વખત નહિ ચાલે. થોડીવાર પછી તું, લેખક, દેવકુમાર ઇ૦ મુક્ત થશો ને તેનું ફલ અવલોકવા તત્પર રહેશો.

સ્વરૂપાને નવેલિકાની ધારણા મુજબ અત્યાર સુધી કાર્ય થયું છે; પરન્તુ આગળ થશે કે નહિ તે જોવાશે.

નવેલિકા મખજીની મુલાકાત પાછી લે છે ને તેને પ્રેમાંજન આંજી કાર્ય સાધે છે. થોડા વખત માટે વીંટી લઇ, તેને તમામ સમજણ પાડે છે. તમામ કામ કરવા મખજી તૈયાર થાય છે, પછી નવેલિકા પોતાના વિશ્વાસુ રાવલા ખવાસને વીંટી આપી પ્રિયકુમારને ત્યાં મોકલે છે. જે દરમિયાન દેવકુમાર ફરવા નીસરી જાય છે. પ્રિયકુમાર આવીને જુએ છે તો જયમાલા એકલી બેઠી વિચારમાં નિમગ્ન છે. તેઓની વાત જરા સાંભળીએ.

"દેવકુમાર ક્યાં ગયો છે?"

"ફરવા."

"ત્યારે મને બોલાવ્યો શા માટે?"

" મ્હને પૂરેપૂરી ખાત્રી નથી કે તેઓ ફરવા ગયા છે."

" હું ધારૂં છું કે નહિ ગયો હોય કારણ કે ઘણુાજ અગત્યના કામ સર મને બોલાવ્યો છે ને ફરવાની ના કહેવરાવી છે."

" વાજબી છે. બોલાવે એ સંભવે છે. તેઓએ તમને તો કંઇ વાત નહિ કરી હોય ?" જયમાલાએ પૂછ્યું.

" અગર જો વાત કહેવાની તેમજ ક્યાંઇ બહાર પાડવાની તેઓની ઇચ્છા નથી છતાં કદાચ કંઇ કારણવશાત્ કહેવાની જરૂર પડી હશે."

" એવી શી ગુપ્ત વાત છે કે જે મારાથી પણ છાની હોય."

" હું ધારૂ છું કે આપનાથી છાની ન હોવી જોઇએ છતાંય તેઓની એવીજ ઇચ્છા છે તો ભલે બાકી મેં તો ઘણુંયે કહ્યું હતું,"

" તેના શરીરને કે આત્માને નુકસાન પહોંચે એવી તો વાત નથી ને ? પ્રિયકુમારે પૂછ્યું.

" તેવીજ વાત છે."

" હુંધારૂં છું કે તમો મને કહેશો."

" આપને તે વાત કરવાજ બોલાવ્યા હશે તો મને કંઇ ખબર છે ?"

" હું તેનો સ્વભાવ બરાબર જાણું છું. જે વાતની તેણે ના પાડી તે વાત તે કદિ કહે તેવો નથી. એ નિશ્ચય. કંઇ બીજાજ કારણસર બોલાવ્યે હશે." પ્રિયકુમારે કહ્યું.

" અગર જો એ કહેવામાં દેવ-પતિ-આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે પરન્તુ પતિ-પ્રિયતમ-રક્ષાની ખાતર કહ્યા સિવાય ચાલતું નથી." જયમાલાએ કહ્યું.

" કહો બેલાશક, મારા પ્રિય મિત્રના રક્ષણની ખાતર આ પ્રાણ આપવાને પણ તૈયાર છું." પ્રિયકુમારે કહ્યું.

" આપ સ્વરૂપાદેવી કેવી પ્રપંચી છે તેને તો જાણતા હશો. તેણે મખજી મંત્રવાદીને..."

( આમ વાત કરે છે ત્યાં એકાએક દેવકુમાર આવ્યો. )

" જોયું કુમારશ્રી ! બધી વાત ફૂટી ગઇ. હવે શું કરવું ? ખરેખર પ્રેમ એ બહુ બૂરી ચીજ છે." મખજીએ કાન ભંભેર્યાં.

( અપૂર્ણ. )

# અપૂર્વ સ્વામિવાત્સલ્ય.

---

સ્વધર્મી બંધુઓનું કલ્યાણ કરવાના અનેક માર્ગ શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યા છે. તેમાં જે જે અવસરે સ્વધર્મી બંધુઓને જેની જેની તંગી હોય તે તે અવસરે તે તે તંગીઓ પૂરી પાડવી એ મોટામાં મોટું અને વિશેષ ફળ વાળું સ્વામિવાત્સલ્ય છે. ઘણા જૈન વિદ્યાર્થીઓ ગરીબ સ્થિતિને લેઇ અભ્યાસ કરી શકતા નથી, તેવા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં સહાય કરવા તથા ખાવા પીવા વગેરેની સગવડ કરી આપવાના ઉત્તમ હેતુથી આ **બોર્ડીં-ગ** સ્થપાઇ છે, તે સર્વ કોઇ જાણે છે, અને તે **બોર્ડીંગને** જે લોકો સહાય આપે છે, તેઓ ખરેખરૂં સ્વામીવાત્સલ્ય કરી મોટું પુણ્ય ઉપાર્જન કરે છે. આ બોર્ડીંગને મુંબાઇના મોતીના કાંટા તરફથી માસિક ૧૨૫) સવા-સો રૂપીઆની મદદ ગયા પંદર મહિનાથી મળતી હતી, તે અમે આગળ જણાવી ગયા છીએ. આ વર્ષમાં વર્ષાદના અભાવને લીધે અનાજની વસ્તુ-ઓની કિંમત વધી જવાથી બોર્ડીંગને વધારે મદદની જરૂર છે, તેવે યોગ્ય અવસરે **તે મુંબાઇના કાંટાવાળા માહાજને અને તેમાં મુખ્યત્વે શેઠ. હીરાચંદ નેમચંદે આ મદદમાં ૨૫ રૂપીઆનો વધારો કરી માસિક રૂ. ૧૫૦) કાયમ આપવાનો ઠરાવ કર્યો છે; વળી તે ઉપરાંત આ વર્ષને માટે ૫૦૦) રૂપીઆ ખાસ મદદમાં આપ્યા છે.**

આ બધાને વાસ્તે તે સાહેબોનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેઓને સેંકડો નિરાશ્રિત બાલકો તરફથી આશીર્વાદ મળશે એટલુંજ નહિ પણ પરમાત્માની કૃપાથી તેમના આ શુભ કામને વાસ્તે તેમને આવા કામોમાં વધારે ધન આપે તેવા સંજોગોમાં તેઓ મૂકાશે એમ આપણે પરમ પ્રભુને પ્રાર્થના કરીશું.

બીજા શ્રીમંતોને તેમજ આવા ખાતાંઓ વાળાને અમે સવિનય વિ-નંતિ કરીએ છીએ કે આ મહાજનનું અનુકરણ કરી આપણ પણ પરમા-ર્થનું ભાથું બાંધવા તત્પર થશો અને આ રીતે સ્વધર્મી વાત્સલ્ય કરી અ-ચળ સુખ મેળવશો. કહ્યું છે કે 'સ્વામીના સગપણ સમો' અવર ન સગપણ કોય, ભક્તિ કરો સ્વામી તણી સમકિત નિર્મળ હોય !

---

# અપૂર્વ સ્વામિવાત્સલ્ય.

---

સ્વધર્મી બંધુઓનું કલ્યાણ કરવાના અનેક માર્ગ શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યા છે. તેમાં જે જે અવસરે સ્વધર્મી બંધુઓને જેની જેની તંગી હોય તે તે અવસરે તે તે તંગીઓ પૂરી પાડવી એ મોટામાં મોટું અને વિશેષ ફળ વાળું સ્વામિવાત્સલ્ય છે. ઘણા જૈન વિદ્યાર્થીઓ ગરીબ સ્થિતિને લેઇ અભ્યાસ કરી શકતા નથી, તેવા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં સહાય કરવા તથા ખાવા પીવા વગેરેની સગવડ કરી આપવાના ઉત્તમ હેતુથી આ બોર્ડીંગ સ્થપાઇ છે, તે સર્વ કોઇ જાણે છે, અને તે બોર્ડીંગને જે લોકો સહાય આપે છે, તેઓ ખરેખરૂં સ્વામીવાત્સલ્ય કરી મોટું પુણ્ય ઉપાર્જન કરે છે. આ બોર્ડીંગને મુંબાઇના મોતીના કાંટા તરફથી માસિક ૧૨૫) સવાસો રૂપીઆની મદદ ગયા પંદર મહિનાથી મળતી હતી, તે અમે આગળ જણાવી ગયા છીએ. આ વર્ષમાં વર્ષાદના અભાવને લીધે અનાજની વસ્તુઓની કિંમત વધી જવાથી બોર્ડીંગને વધારે મદદની જરૂર છે, તેવે યોગ્ય અવસરે **તે મુંબાઇના કાંટાવાળા માહાજને અને તેમાં મુખ્યત્વે શેઠ. હીરાચંદ નેમચંદે આ મદદમાં ૨૫ રૂપીઆનો વધારો કરી માસિક રૂ. ૧૫૦) કાયમ આપવાનો ઠરાવ કર્યો છે; વળી તે ઉપરાંત આ વર્ષને માટે ૫૦૦) રૂપીઆ ખાસ મદદમાં આપ્યા છે.**

આ બધાને વાસ્તે તે સાહેબોનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેઓને સેંકડો નિરાશ્રિત બાલકો તરફથી આશીર્વાદ મળશે એટલુંજ નહિ પણ પરમાત્માની કૃપાથી તેમના આ શુભ કામને વાસ્તે તેમને આવા કામોમાં વધારે ધન આપે તેવા સંજોગોમાં તેઓ મૂકાશે એમ આપણે પરમ પ્રભુને પ્રાર્થના કરીશું.

બીજા શ્રીમંતોને તેમજ આવા ખાતાંઓ વાળાને અમે સવિનય વિનંતિ કરીએ છીએ કે આ મહાજનનું અનુકરણ કરી આપણ પણ પરમાર્થનું ભાથું બાંધવા તત્પર થશો અને આ રીતે સ્વધર્મી વાત્સલ્ય કરી અચળ સુખ મેળવશો. કહ્યું છે કે 'સ્વામીના સગપણ સમો' અવર ન સગપણ કોય, ભક્તિ કરો સ્વામી તણી સમકિત નિર્મળ હોય !

---